શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧૫

## શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

ઉપાંગ સૂત્રોમાં મૂર્ધન્ય સ્થાન ધરાવતું શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર ત્રીજું ઉપાંગ સૂત્ર છે. તેના રચયિતા શ્રી શ્યામાચાર્ય છે. જેનું અપર નામ કાલકાચાર્ય છે. આ શાસ્ત્રમાં છત્રીસ પદ અર્થાત્ ૩૬ અધ્યયન છે. તેમાં જીવસ્વરૂપ, અજીવસ્વરૂપ, કર્મસિદ્ધાંત, પરમાણુવાદ, ભાષા, શરીર, સંયત, સમુદ્‌ઘાત, યોગ, ઉપયોગ વગેરે ગહનતમ તત્ત્વોનો સંગ્રહ છે. તેથી જ તે તાત્ત્વિક પદાર્થોનો 'સંક્ષિપ્ત વિશ્વકોષ' કહેવાય છે.

## પદ – ૧ : પ્રજ્ઞાપના

પ્ર + જ્ઞાપના = પ્રકર્ષરૂપે – અંતર્બાહ્ય સર્વ પ્રકારે, જાણવું તે પ્રજ્ઞાપના છે. જ્ઞેય પદાર્થોના મુખ્ય બે ભેદ છે. જીવપ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપના.

**અજીવપ્રજ્ઞાપના:–** જેમાં જીવ નથી, ચેતના નથી, તેવા જડ દ્રવ્યને અજીવ કહે છે. તેના બે ભેદ છે. અરૂપીઅજીવ અને રૂપીઅજીવ.

જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ નથી, તેવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલદ્રવ્ય અરૂપી અજીવ છે. તેમાં સંપૂર્ણ લોકમાં વ્યાપક, એક અને અખંડ ધર્માસ્તિકાયદ્રવ્ય, જીવ અને પુદ્‌ગલદ્રવ્યને

ગતિક્રિયામાં, અધર્માસ્તિકાય સ્થિતિ ક્રિયામાં સહાયક બને છે. લોકાલોક વ્યાપક, એક અને અખંડ આકાશાસ્તિકાય સર્વ દ્રવ્યોને અવગાહના પ્રદાન કરે છે. અદ્ધાસમય-કાલદ્રવ્ય પ્રત્યેક દ્રવ્ય પર વર્તી રહ્યું છે, કાલદ્રવ્ય, સર્વ દ્રવ્યની પર્યાય પરિણમનમાં સહાયક બને છે.

વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુકત પુદ્ગલાસ્તિકાય રૂપી અજીવ છે. સંઘટન-વિઘટન તેનો સ્વભાવ છે. જીવનું શરીર, કર્મ, મન, વચન આદિ જીવને ભોગ્ય સર્વ પદાર્થો પુદ્ગલમય છે. આ લોકમાં જે દેખાય છે, તે સર્વ પુદ્ગલમય છે કારણ કે છ દ્રવ્યોમાં એક પુદ્ગલાસ્તિકાય જ રૂપી છે. વર્ણાદિની અપેક્ષાએ તેના અનેક ભેદ-પ્રભેદ થાય છે.

**જીવ પ્રજ્ઞાપના:-** ચૈતન્ય લક્ષણ, જ્ઞાન-દર્શન ગુણથી યુકત, સુખ-દુ:ખનો જ્ઞાતા અને ભોક્તા હોય, તે જીવ છે. તેના મુખ્ય બે ભેદ છે. ૧, કર્મ રહિત સિદ્ધ જીવો અને કર્મ સહિત સંસારી જીવો.

**સિદ્ધ જીવો:-** સંસાર પરિભ્રમણથી મુકત થયેલા સિદ્ધ જીવો એક સમાન છે. તેમ છતાં સિદ્ધ થવાના સમય તથા પૂર્વપ્રજ્ઞાપનનયની અપેક્ષાએ તેના પંદર ભેદ થાય છે.

**સંસારી જીવો:-** સંસારી જીવોના ભેદ-પ્રભેદ ગતિ, જાતિ, ઈન્દ્રિય, કાય આદિ અનેક અપેક્ષાએ થઈ શકે છે. પ્રસ્તુત પ્રસંગમાં પાંચ ઈન્દ્રિયની અપેક્ષાએ તેના પાંચ ભેદ કર્યા છે.

જે જીવોને એક સ્પર્શેન્દ્રિય જ હોય, તેવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ, આ પાંચ સ્થાવર જીવો એકેન્દ્રિય છે. તે જીવો સ્વયં ગતિ કરતા નથી, તેથી તે સ્થાવર કહેવાય છે.

**સૂક્ષ્મ-બાદર :-** પૃથ્વી આદિ પાંચે સ્થાવર જીવોના બે-બે ભેદ છે, સૂક્ષ્મ અને બાદર. જે જીવોનું શરીર સૂક્ષ્મનામકર્મના ઉદયથી અત્યંત સૂક્ષ્મ હોય, ચર્મચક્ષુથી દેખાય નહીં, કોઈ પણ શસ્ત્રોથી છેદન-ભેદન થઈ શકે નહીં, તે જીવોને સૂક્ષ્મ કહે છે. સૂક્ષ્મ જીવો આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. તે જીવો અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વતઃ મૃત્યુ પામે છે.

**બાદર :-** જે જીવોનું શરીર બાદર નામ કર્મના ઉદયથી ચક્ષુગ્રાહ્ય હોય અથવા ચક્ષુગ્રાહ્ય ન પણ હોય પરંતુ શસ્ત્રોથી જેનું છેદન-ભેદન થઈ શકે તેને બાદર કહે છે. તે જીવો લોકના દેશભાગમાં જ હોય છે.

સ્થાવર જીવોમાં સૂક્ષ્મ-બાદર બે ભેદ છે, પરંતુ ત્રસ જીવો બાદર જ હોય છે. પાંચ સ્થાવર જીવોના સૂક્ષ્મ-બાદર બંને ભેદના પર્યાપ્ત-અપર્યાપ્ત રૂપ બે-બે ભેદ થાય છે.

**પર્યાપ્ત-અપર્યાપ્ત :-** પર્યાપ્તિ એટલે યોગ્યતા અથવા શકિત વિશેષ, ઉત્પતિસ્થાનમાં ઉત્પન્ન થઈને ગ્રહણ કરેલા

પુદ્ગલો અને ત્યાર પછી પ્રતિ સમયે ગ્રહણ થતાં પુદ્ગલોને શરીરાદિ રૂપે પરિણત કરવાની જીવની શકિતને **પર્યાપ્તિ** કહે છે. તેના છ ભેદ છે, આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મનઃપર્યાપ્તિ, તેમાંથી સ્થાવર જીવોને ચાર પર્યાપ્તિ, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચને પાંચ પર્યાપ્તિ તથા સંજ્ઞી જીવોને છ પર્યાપ્તિ હોય છે.

સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરે, તેને **પર્યાપ્ત** જીવ અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે, તેને **અપર્યાપ્ત** જીવ કહે છે.

**વનસ્પતિકાયિક જીવો** :– બાદર વનસ્પતિકાયિક જીવોના બે પ્રકાર છે, પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ. એક શરીરમાં એક જીવ હોય, **તે પ્રત્યેક વનસ્પતિ છે.** જેમ કે મગના એક દાણામાં એક જીવ હોય છે. વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલા, તૃણ, ભાજી, ધાન્ય, ફળ આદિ પ્રત્યેક વનસ્પતિ છે. કયારેક પ્રત્યેક વનસ્પતિના એક–એક જીવ અલગ પ્રતીત ન થાય તેમ છતાં તે જીવોના શરીર સ્વતંત્ર હોય છે. જેમ સરસવનો લાડવો કે તલસાંકળીમાં અનેક સરસવ કે તલ એક સાથે હોવા છતાં તેમાં પ્રત્યેક સરસવ કે તલ સ્વતંત્ર છે. તેમ કોથમીરના એક પાનમાં અસંખ્ય જીવો હોવા છતાં તે સ્વતંત્ર છે.

એક શરીરે અનંતા જીવો હોય તે **સાધારણ વનસ્પતિ** છે. તે જીવોનું શરીર જ સાધારણ હોવાથી શરીરજન્ય ક્રિયાઓ આહાર, નિહાર, શ્વાસોચ્છ્વાસ આદિ એક સાથે જ થાય છે. જેમ લોખંડનો ગોળો અગ્નિમાં તપાવતાં અગ્નિમય બની જાય છે. તેમ નિગોદરૂપ એક શરીરમાં અનંત જીવોનું પરિણમન થઈ જાય છે.

જે જીવોને સ્પર્શેન્દ્રિય અને જીહ્વેન્દ્રિય, આ બે ઈન્દ્રિય હોય, તેવા ઈયળ, અળસિયાદિ જીવો **બેઈન્દ્રિય** છે. જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, આ ત્રણ ઈન્દ્રિય હોય તેવા કીડી, મંકોડા આદિ જીવો **તેઈન્દ્રિય** છે. જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, આ ચાર ઈન્દ્રિય હોય, તેવા ભમરા, કંસારી, પતંગિયા આદિ જીવો **ચૌરેન્દ્રિય** છે. જે જીવોને સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય, આ પાંચ ઈન્દ્રિય હોય, તેવા નારકી, દેવ, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો **પંચેન્દ્રિય** છે. આ સર્વ જીવોના પર્યાપ્તા–અપર્યાપ્તા આદિ ભેદ થાય છે. આ સર્વ જીવોનું સ્વતંત્ર અસ્તિત્વ છે. શક્તિની અપેક્ષાએ સર્વ જીવો એક સમાન છે.

## પદ – ૨ : સ્થાન

તેમાં સર્વ જીવોના ઉત્પતિસ્થાન તથા નિવાસ સ્થાનનું નિરૂપણ છે.

જૈનદર્શનાનુસાર આત્મા સર્વવ્યાપી નથી, તે શરીર પ્રમાણ છે. જીવ પોતાના કર્માનુસાર ભિન્ન ભિન્ન સ્થાનમાં નિવાસ કરે છે. જીવ જન્મથી મૃત્યુ પર્યંત એક સ્થાનમાં સ્થિત થાય છે. તે તેનું **સ્વસ્થાન** છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને નવો જન્મ ધારણ કરવા જીવની ગતિ થાય, તે દરમ્યાન જીવ જે આકાશપ્રદેશોની સ્પર્શના કરે, તે **ઉપપાતસ્થાન** છે અને વેદનાદિ સમુદ્‌ઘાત સમયે આત્મપ્રદેશો વિસ્તૃત થઈને જેટલા પ્રદેશોની સ્પર્શના કરે છે, તેને **સમુદ્‌ઘાતસ્થાન** કહે છે. શાસ્ત્રકારે જીવના આ ત્રણ પ્રકારના સ્થાનની વિચારણા કરી છે.

પૃથ્વી આદિ પાંચે સૂક્ષ્મ જીવો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. તેથી તેના સ્વસ્થાન, ઉપપાત કે સમુદ્‌ઘાતસ્થાન સંપૂર્ણ લોક છે. બાદર પૃથ્વીકાયના સ્વસ્થાન સાત નરક, નરકાવાસ, દેવલોક, પાતાળકળશ, પર્વત આદિ સ્થાનોમાં હોય છે. અપ્કાય ઘનોદધિ, સમુદ્ર, તળાવ, નદી આદિ જલસ્થાનોમાં હોય છે. અગ્નિકાય અઢીદ્વીપક્ષેત્રમાં છે. વાયુકાય સર્વત્ર છે. વનસ્પતિકાય જલસ્થાનોમાં હોય છે.

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય જીવો દ્વીપ સમુદ્રોમાં, અધોલૌકિક ગામમાં તથા મેરુપર્વતની વાવડીઓના હોય છે. નારકીઓ અધોલોકમાં નરકના નરકાવાસમાં, ભવનપતિ દેવો અધોલોકની પ્રથમ નરકના ભવનમાં, વાણવ્યંતર દેવો મધ્યલોકના ગુફા, શૂન્યઘર, સ્મશાનદિ સ્થાનોમાં, જયોતિષી દેવો સમપૃથ્વીથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજનની ઊંચાઈમાં અર્થાત્ મધ્યલોકમાં, વૈમાનિક દેવો ઊર્ધ્વલોકના દેવલોકમાં અને મનુષ્યો મનુષ્યક્ષેત્રમાં હોય છે. આ સર્વ સ્થાનો લોકના અસંખ્યાતમા ભાગ રૂપ છે, તેથી સર્વ જીવોના સ્વસ્થાન લોકનો અસંખ્યાતમો ભાગ છે. તે તે જીવોના ઉત્પતિસ્થાન અનુસાર તેના ઉપપાતસ્થાન અને સમુદ્ઘાતસ્થાન નિશ્ચિત થાય છે.

સિદ્ધના જીવો લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં સ્થિત થાય છે. તે તેનું સ્વસ્થાન છે. તે જીવો એક સમય માત્રમાં અન્ય આકાશ પ્રદેશની સ્પર્શના કર્યા વિના જ સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે. તેથી તેના ઉપપાત કે સમુદ્ઘાત સ્થાન હોતા નથી.

## પદ – ૩ : બહુવક્તવ્યતા–અલ્પબહુત્વ

આ પદમાં અનંત સંસારી જીવોનું વિવિધ પ્રકારે વર્ગીકરણ કરીને તે જીવોની તરતમતાની પ્રરૂપણા છે. તેમાં

દિશા, ગતિ, કાય, યોગ આદિ ૨૭ દ્વારથી જીવોનું અલ્પબહુત્વ કહ્યું છે.

સમસ્ત જીવસૃષ્ટિમાં વનસ્પતિકાયિક જીવો સર્વથી અધિક છે. તેથી જે દિશામાં જલસ્થાનો અને તેના આધારે રહેલા વનસ્પતિકાયિક જીવો અધિક હોય, તે દિશામાં જીવસંખ્યા વધી જાય છે. જેમકે – દિશાની અપેક્ષાએ સર્વ થોડા જીવો પશ્ચિમદિશામાં છે. તે દિશામાં ચંદ્ર–સૂર્યદ્વીપાદિ સ્થાનોના કારણે જલસ્થાનો ઓછા છે. તેનાથી પૂર્વદિશામાં, દક્ષિણદિશામાં અને ઉત્તરદિશામાં ક્રમશઃ વિશેષાધિક જીવો હોય છે. આ રીતે દિશાની અપેક્ષાએ ૨૪ દંડકના જીવોનું છ દ્રવ્યોનું, તથા પુદ્‍ગલોનું અલ્પબહુત્વ થાય છે.

**મહાદંડક–સર્વ જીવોના ૯૮ બોલનું અલ્પબહુત્વ :–** સંસારી જીવોની વિવિધ અવસ્થાઓ તથા સિદ્ધજીવો, કુલ ૯૮ બોલની અપેક્ષાએ સમસ્ત જીવોના અલ્પબહુત્વની વિચારણા થાય છે. તેમાં સર્વથી થોડા ગર્ભજ મનુષ્યો અને તેનાથી મનુષ્યાણી સંખ્યાત ગુણી છે. ૯૮ બોલમાં આ બે બોલ જ સંખ્યાતની રાશિમાં છે. ત્યાર પછી બાદર અગ્નિના પર્યાપ્તા, અનુત્તરવિમાનના દેવોથી ક્રમશઃ નીચે નીચેના દેવલોકના દેવો વગેરે ૭૩ બોલ સુધીના જીવો અસંખ્યાતા

છે અને ૭૪ થી ૯૮ બોલ સુધીના જીવો અનંતા છે.

સર્વથી અધિક સમસ્ત જીવો છે. તેમાં સિદ્ધ અને સંસારી સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે.

## પદ – ૪ : સ્થિતિ

અહીં સંસારી જીવોના આયુષ્ય કર્મની કાલમર્યાદાનું પ્રતિપાદન છે. જીવ દ્રવ્ય નિત્ય છે પરંતુ તેની પર્યાયો–અવસ્થાઓ પરિવર્તન પામે છે, સંસારી જીવ પોતાના આયુષ્યકર્મની કાલમર્યાદા અનુસાર કોઈ પણ એક સ્થાનમાં, એક શરીરમાં સ્થિત થાય છે. તે કાલમર્યાદા પૂર્ણ થતાં તે સ્થાન છોડીને અન્યત્ર જાય છે. સ્થિતિનું કથન બે પ્રકારે થાય છે. કોઈ પણ જીવના આયુષ્યની ઓછામાં ઓછી **જઘન્યસ્થિતિ** અને વધુમાં વધુ **ઉત્કૃષ્ટસ્થિતિ**. નારકી અને દેવતાની સ્થિતિ જઘન્ય ૧૦૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે. મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોની સમુચ્ચય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. સાત નરકના નારકીની, ચારે જાતિના દેવોની તથા મનુષ્ય, તિર્યંચના ભેદ –પ્રભેદ અનુસાર તેના પર્યાપ્તા–અપર્યાપ્તા જીવોની સ્થિતિ જુદી–જુદી હોય છે.

## પદ – ૫ : વિશેષપદ–પર્યાય

આ પદમાં જીવાદિ દ્રવ્યોના વિશેષ અર્થાત્ પ્રકાર

અથવા પર્યાય – અવસ્થાઓનું કથન છે. પ્રત્યેક દ્રવ્ય નિત્ય હોવા છતાં તેની અવસ્થાઓ પરિવર્તનશીલ છે. દ્રવ્યની પરિવર્તન પામતી અવસ્થાઓને પર્યાય કહે છે. જીવ દ્રવ્યની વિવિધ અવસ્થાઓ જીવપર્યાય અને અજીવ દ્રવ્યની અવસ્થાઓ અજીવપર્યાય કહેવાય છે.

**જીવપર્યાય :–** વિવિધ દૃષ્ટિકોણથી એક જીવદ્રવ્યના અનંત પર્યાયો થાય છે. તેમ જ એક જીવની અન્ય જીવ સાથે વિવિધ પ્રકારે તુલના કરીને દશ પ્રકારે તેની વિશેષતા પ્રગટ થાય છે. જેમ કે **દ્રવ્યથી** – સર્વ જીવો પરસ્પર તુલ્ય છે. સર્વ જીવોનું ચૈતન્યદ્રવ્ય એક સમાન છે. **પ્રદેશથી**– સર્વ જીવો અસંખ્ય પ્રદેશાત્મક હોવાથી એક સમાન છે. **અવગાહનાથી** – સર્વ જીવો એક સમાન નથી. તેમાં ન્યૂનાધિકતા હોય છે. જેમ કે– એક દેવની અવગાહના એક હાથની અને બીજા દેવની સાત હાથની હોય, તો તેમાં સંખ્યાતભાગ અથવા સંખ્યાતગુણ હીનાધિકતા થાય. એક દેવની અવગાહના એક હાથની અને બીજા દેવની ઉત્તરવૈક્રિય શરીરની અપેક્ષાએ એક લાખ યોજનની હોય, તો તેમાં અસંખ્યાતભાગ અથવા અસંખ્યાતગુણની હાનિવૃદ્ધિ થાય. આ રીતે અવગાહના સ્થાન અસંખ્યાતા હોવાથી અવગાહનાથી સંખ્યાતભાગ– અસંખ્યાતભાગ, સંખ્યાતગુણ અસંખ્યાતગુણ, આ ચાર પ્રકારે જ ન્યૂનાધિકતા થાય છે. તેને

ચતુઃસ્થાનપતિત કહે છે. **સ્થિતિથી** સર્વ જીવોનું આયુષ્ય એક સમાન ન હોવાથી સ્થિતિથી સર્વ જીવો એક સમાન નથી. સ્થિતિસ્થાનો પણ અસંખ્યાતા જ છે, તેથી સ્થિતિની અપેક્ષાએ પણ ચારે પ્રકારે જ હીનાધિકતા થાય છે. **વર્ણાદિથી** આત્મા અરૂપી છે, પરંતુ સંસારી જીવોના શરીર પૌદ્‌ગલિક હોવાથી રૂપી છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે. વર્ણાદિના અનંત પર્યાયો છે, તેથી તેમાં સંખ્યાતભાગ; અસંખ્યાતભાગ અને અનંતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણ, આ છ પ્રકારે હીનાધિકતા થાય છે. તેને ષટ્સ્થાન પતિત કહે છે.

**જ્ઞાન-દર્શનથી :-** જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગમાં પણ અનંત પર્યાયો હોય છે. તેમાં પણ પૂર્વવત્ છ પ્રકારે હીનાધિકતા થાય છે.

આ રીતે સમસ્ત સંસારી જીવોને પ્રાપ્ત યથાયોગ્ય ઋદ્ધિની અપેક્ષાએ તે જીવોની વિશેષતાની વિચારણા થાય છે.

**અજીવ પર્યાય :-** પ્રસ્તુતમાં રૂપી અજીવના પરમાણુ અને સ્કંધ રૂપ બે ભેદ કરી તેના પર્યાયોની દ્રવ્યથી, પ્રદેશથી, અવગાહનાથી, સ્થિતિથી, વર્ણ-ગંધ-રસ-સ્પર્શથી, આ આઠ પ્રકારે વિચારણા કરી છે. અજીવ દ્રવ્યમાં જ્ઞાન-દર્શન ન હોવાથી તેની અપેક્ષાએ વિચારણા થતી નથી.

## પદ – ૬ : વ્યુત્ક્રાંતિ

મનુષ્યાદિ ગતિમાં આવવા રૂપ આગતિ અને ત્યાંથી નીકળીને અન્યત્ર જવા રૂપ ગતિ, આ ગતાગતનો સમાવેશ વ્યુત્ક્રાંતિ શબ્દમાં થાય છે. આ પદમાં આઠ દ્વારના માધ્યમથી આ વિષય સ્પષ્ટ કર્યો છે.

**૧. દ્વાદશ દ્વાર :–** આ સંસારમાં અનંત જીવો જન્મ–મરણ કરી રહ્યા છે, તેમ છતાં કયારેક તે તે ગતિમાં કોઈ પણ જીવોના જન્મ–મરણ થતાં નથી. જીવના જન્મ–મૃત્યુ રહિતના કાલને વિરહકાલ કહે છે. ચારે ગતિમાં ઉત્પતિ અને ઉદ્વર્તનાનો વિરહકાલ સામાન્ય રીતે બાર–બાર મુહૂર્તનો છે. ચારે ગતિના જીવોના ભેદ–પ્રભેદ અનુસાર તેનો વિરહકાલ જુદો જુદો હોય છે.

**૨. ચતુર્વિશતિ દ્વાર :–** ૨૪ દંડકના જીવોના ભેદ–પ્રભેદ અનુસાર તેનો વિરહકાલ ભિન્ન ભિન્ન હોય છે. જેમ કે – પ્રથમ નરકમાં જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્તનો; બીજી નરકમાં જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ સાત રાત્રિ–દિવસનો વિરહકાલ હોય છે. આ રીતે પ્રત્યેક સ્થાનનો વિરહકાલ જુદો જુદો છે.

**૩. સાંતર–નિરંતર દ્વાર :–** જીવોની ચોક્કસ સ્થાનમાં સાંતર અને નિરંતર બંને પ્રકારે ઉત્પત્તિ થાય છે. કયારેક

નિરંતર નવા-નવા જીવો ઉત્પન્ન થતાં રહે છે. કયારેક તેમાં વિરહ પડે છે. પાંચ સ્થાવર જીવોમાં નિરંતર ઉત્પત્તિ થાય છે. તે સિવાયના જીવોમાં સાંતર અને નિરંતર, બંને પ્રકારે ઉત્પતિ થાય છે.

**૪. એક સમય દ્વાર :-** નરકાદિમાં એક સાથે એક સમયમાં કેટલા જીવોની ઉત્પતિ થાય છે ? સામાન્ય રીતે નરક ભવનપતિ, વ્યંતર, જયોતિષી અને એકથી આઠ દેવલોક, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય, સંમૂચ્છિર્મ મનુષ્યમાં જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ સંખ્યાત કે અસંખ્યાત જીવો એક સાથે ઉત્પન્ન થાય; નવમા દેવલોકથી સર્વાર્થસિદ્ધવિમાનમાં સંખ્યાતા જીવો ઉત્પન્ન થાય; વનસ્પતિમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અનંતા, પૃથ્વી આદિ ચાર સ્થાવરમાં અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.

**૫. કતો દ્વાર:-** જીવ ક્યાં સ્થાનમાંથી આવીને ઉત્પન્ન થાય છે ? નારકીના જીવો મનુષ્ય અને તિર્યંચ, આ બે ગતિમાંથી આદિને ઉત્પન્ન થાય છે. દેવો પણ તે જ બે ગતિમાંથી, મનુષ્ય અને તિર્યંચ ચારે ગતિમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

**૬. ઉદ્વર્તના-** જીવ મૃત્યુ પામીને કયા સ્થાનમાં જાય છે ? નારકી-દેવતા મરીને નરક કે દેવલોકમાં જતા નથી કે નરક-દેવલોકમાંથી આવીને ઉત્પન્ન થતા નથી. મનુષ્ય અને

તિર્યંચ, આ બે ગતિના જીવો જ મરીને નરક કે દેવગતિમાં જાય છે અને તે બે ગતિના જીવો મરીને મનુષ્ય અને તિર્યંચ ગતિમાં જાય છે. મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવો મરીને ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે અને ચારે ગતિના જીવો મરીને મનુષ્ય અને તિર્યંચ ગતિમાં જાય છે.

૭. **પારભવિક આયુષ્યઃ-** જીવ પોતાના વર્તમાન આયુષ્યના બે ભાગ વ્યતીત થાય ત્યાર પછી પરભવનું આયુષ્ય બાંધે છે. જો ત્યારે ન બાંધે તો શેષ આયુષ્યના ત્રીજા-ત્રીજા ભાગે અથવા અંતિમ અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધે છે. નારકી, દેવો અને યુગલિકો આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. આયુષ્યનો બંધ જીવનમાં એક જ વાર થાય છે.

૮. **આકર્ષ દ્વાર :-** જીવના, આત્મપરિણામો તીવ્ર હોય, તો આયુષ્યકર્મબંધ યોગ્ય પુદ્ગલો એક જ વારમાં ગ્રહણ થઈ જાય છે અને આત્મપરિણામો મંદ હોય, તો ગાય પાણી પીએ છે તેમ અટકી અટકીને પુદ્ગલો ગ્રહણ થાય છે. જીવ વધુમાં વધુ આઠ વારમાં - આઠ આકર્ષમાં આયુષ્યકર્મ યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી લે છે. આ રીતે આ પદમાં જીવોની ઉત્પત્તિ-ગતિ અને આયુષ્ય બંધ સંબંધી વિસ્તૃત વર્ણન છે.

## પદ – ૭ : શ્વાસોચ્છ્વાસ

જીવના જીવન સાથે સંબંધિત શ્વાસોચ્છ્વાસના કાલમાનનું નિરૂપણ, તે આ પદનો વિષય છે.

જીવ જેટલો દુઃખી હોય, ક્રોધાદિ આવેશમાં હોય, તેટલી તેની શ્વાસોચ્છ્વાસની ક્રિયા તીવ્ર ચાલે છે અને સ્વસ્થ અને સુખી જીવોની શ્વાસપ્રક્રિયા મંદ–મંદતર–મંદતમ ચાલે છે. નારકી નિરંતર ધમણની જેમ શ્વાસ લે છે અને મૂકે છે. શ્વાસની તીવ્ર ગતિ જીવની વિકૃતિને પ્રગટ કરે છે. દેવોની શ્વાસપ્રક્રિયા અત્યંત મંદ હોય છે. દેવોનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય, તેટલા પખવાડિયે એક શ્વાસની પ્રક્રિયા પૂર્ણ કરે છે. મનુષ્ય અને તિર્યંચગતિના જીવોની શ્વાસપ્રક્રિયા વિમાત્રાથી અર્થાત્ કયારેક મંદ અને કયારેક તીવ્રગતિથી થાય છે. આ રીતે શ્વાસપ્રક્રિયા જીવને જીવંત રાખવાની સાથે જીવની સ્વસ્થતા–અસ્વસ્થતાને સૂચિત કરે છે.

## પદ – ૮ : સંજ્ઞા

સંજ્ઞા જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. સંજ્ઞા એટલે જીવોની મનોવૃતિ અને તેનું પ્રગટીકરણ. સંજ્ઞાના દશ પ્રકાર છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા. સમસ્ત સંસારી જીવોને આ દશે

સંજ્ઞા ઓછે વત્તે અંશે હોય છે. તેમ છતાં નારકીઓને ભયસંજ્ઞા અને ક્રોધસંજ્ઞા, તિર્યંચોને આહારસંજ્ઞા અને માયા સંજ્ઞા, મનુષ્યોને મૈથુન અને માન સંજ્ઞા, દેવોને પરિગ્રહસંજ્ઞા અને લોભ સંજ્ઞા વધુ હોય છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં સંજ્ઞાની ઉત્પતિના કારણોનું કથન છે.

## પદ – ૯ : યોનિ

યોનિ એટલે જીવનું ઉત્પતિ સ્થાન. કોઈપણ જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે સ્થૂલ શરીરને છોડીને તેજસ–કાર્મણ શરીર સહિત પરલોકમાં નવા ઉત્પતિસ્થાનમાં જન્મધારણ કરે છે. તે સ્થાનમાં પહોંચીને ઔદારિકાદિ સ્થૂલ શરીર બનાવવા આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે. તે ઉત્પતિસ્થાનને યોનિ કહે છે.

પ્રત્યેક પ્રાણીના જીવનમાં યોનિનું ઘણું મહત્વ છે. જીવ જે યોનિમાં ઉત્પન્ન થાય, ત્યાંનું વાતાવરણ, પ્રકૃતિ, સંસ્કાર, પરંપરાગત પ્રવૃત્તિ આદિનો પ્રભાવ તે પ્રાણીના જીવન પર પડે છે.

જીવોની કુલ યોનિ ૮૪ લાખ છે. તેના નવ ભેદ છે. ૧. શીતયોનિ, ૨. ઉષ્ણયોનિ, ૩. શીતોષ્ણયોનિ, ૪. સચેતયોનિ, ૫. અચેતયોનિ, ૬. મિશ્રયોનિ, ૭. સંવૃત યોનિ, ૮. વિવૃતયોનિ, સંવૃત–વિવૃત યોનિ.

તેમાં નારકી અને દેવતાની અચેત, સંવૃત અને શીત અથવા ઉષ્ણયોનિ હોય છે. ગર્ભજ જીવોની સંવૃત-વિવૃત યોનિ હોય છે.

તે ઉપરાંત આકારની અપેક્ષાએ મનુષ્યોની અન્ય ત્રણ પ્રકારની યોનિ હોય છે, કૂર્મોન્નતા, શંખાવર્તા અને વંશીપત્રાયોનિ. તીર્થંકરો તથા ઉત્તમ પુરુષોની માતાની કૂર્મોન્નતાયોનિ, ચક્રવર્તીના સ્ત્રીરત્નને શંખાવર્તાયોનિ અને સાધારણ સ્ત્રીઓની વંશીપત્રા યોનિ હોય છે.

## પદ – ૧૦ : ચરમ

ચરમ એટલે અંતિમવિભાગ અને અચરમ એટલે અંતિમ ન હોય તેવો મધ્યવર્તી વિભાગ. વસ્તુનો અંતિમ વિભાગ મધ્યની અપેક્ષા રાખે છે અને મધ્યવિભાગ અંતિમની અપેક્ષા રાખે છે. આ રીતે ચરમ અને અચરમ બંને શબ્દો સાપેક્ષ છે.

લોકના જુદા જુદા વિભાગોમાં એક અખંડતાની કલ્પના કરીએ તો તેમાં ચરમ-અચરમ આદિ ભંગ ઘટિત થતાં નથી પરંતુ તેમાં અવયવની કલ્પના કરીએ, તો દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ ૧. એક ચરમ ૨. એક અચરમ ૩. અનેકચરમ ૪. અનેક અચરમ ૫. ચરમાન્ત પ્રદેશ ૬. અચરમાન્ત પ્રદેશ, આ છ ભંગમાંથી યથાયોગ્ય ભંગ ઘટિત થાય છે. જેમ કે રત્નપ્રભા પૃથ્વી આદિ લોકના પ્રત્યેક

શાશ્વત સ્થાનો અનેક ખૂણાવાળા છે. તેથી તેમાં ૧. તે ખૂણાના વિભાગો અનેક ચરમ ૨. ખૂણા સિવાયનો મધ્યભાગ એક અચરમ ૩. ચરમ વિભાગના પ્રદેશો ચરમાન્ત પ્રદેશો અને ૪. અચરમ વિભાગના પ્રદેશો અચરમાન્ત પ્રદેશો કહેવાય છે. આ રીતે ચાર ભંગ ઘટિત થાય છે.

પુદ્‌ગલાસ્તિકાયમાં સ્કંધ અને પરમાણુ રૂપ બે ભેદ થાય છે. તેમાં પરમાણુ અપ્રદેશી હોવાથી તેને ચરમ કે અચરમ કહી શકાય નહીં, તેથી તેના માટે સૂત્રકાર અવકતવ્ય શબ્દનો પ્રયોગ કરે છે.

પુદ્‌ગલસ્કંધોમાં ચરમ, અચરમ અને અવકતવ્ય, આ ત્રણ પદોના એકવચનાંત અને બહુવચનાંત, છ પદોના અસંયોગી, દ્વિસંયોગી, ત્રિસંયોગી ૨૬ ભંગ થાય છે. તેમાંથી પરમાણુ પુદ્‌ગલમાં એક અવકતવ્ય નામનો ત્રીજો ભંગ ઘટિત થાય છે. દ્વિપદેશી સ્કંધમાં ૧. એક ચરમ ૨. એક અવકતવ્ય, આ બે ભંગ ઘટિત થાય છે. આ રીતે ત્રિપ્રદેશી, ચતુષ્પ્રદેશી આદિ અનંતપ્રદેશી સ્કંધમાં યથાયોગ્ય ભંગ ઘટિત થાય છે.

**ગતિચરમ આદિ :–** વર્તમાનમાં જે જીવ અંતિમ ગતિ પર્યાયમાં હોય, તેવા તદ્‌ભવ મોક્ષગામી જીવ **ગતિ ચરમ** છે. તે જીવ પોતાના આયુષ્યના અંતિમ સમયમાં વર્તતા

હોય, ત્યારે **સ્થિતિચરમ**, અંતિમ ભવમાં વર્તતા જીવો **ભવચરમ** કહેવાય છે. આ રીતે ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, આહાર, ભાવ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ ચરમ–અચરમની વિચારણા થાય છે.

## પદ – ૧૧ : ભાષા

વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. ભાષા પર્યાપ્તિથી પર્યાપ્ત ત્રસ જીવોને જ્યારે બોલવાની ઈચ્છા થાય ત્યારે તે જીવ કાયયોગ દ્વારા ભાષાવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષા રૂપે પરિણત કરીને વચનયોગથી ભાષા બોલે છે.

જીવ ભાષાવર્ગણાના સ્થિત, અનંતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશાવગાઢ, એક સમયથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા, ચઉસ્પર્શી, સ્પૃષ્ટ, આત્મપ્રદેશાવગાઢ, અનંતરાવગાઢ પુદ્‌ગલદ્રવ્યોને ગ્રહણ કરે છે.

ભાષાનું મૂળ કારણ જીવ છે. જીવ પોતાના પ્રયત્નથી જ ભાષા બોલે છે. નિર્જીવ પદાર્થમાંથી ભાષા ઉત્પન્ન થતી નથી. તેનું ઉત્પતિસ્થાન ઔદારિક, વૈક્રિય કે આહારક શરીર છે. આ ત્રણ સ્થૂલ શરીરના માધ્યમથી જ ભાષા બોલાય છે. સૂક્ષ્મશરીરથી ભાષા બોલાતી નથી.

જીવના વિશિષ્ટ તીવ્ર પ્રયત્નથી છૂટેલા ભાષાના પુદ્‌ગલો સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે, લોકનો આકાર

વ્રજ જેવો હોવાથી ભાષાનું સંસ્થાન પણ વ્રજ જેવું છે. તીવ્ર પ્રયત્નવાન વકતાના ભાષાના પુદ્ગલો સૂક્ષ્મ ખંડ – ખંડ રૂપે ભેદાઈને નીકળે છે. તે સૂક્ષ્મદલિકો અન્ય અનેક દ્રવ્યોને વાસિત કરીને અનંતગુણવૃદ્ધિ પામતા લોકાંત સુધી ફેલાઈ જાય છે. મંદ પ્રયત્નવાન વક્તાના ભાષાના પુદ્ગલો સંખ્યાત યોજન સુધી પહોંચીને નાશ પામે છે. તે લોકાંત સુધી જતા નથી. જીવ પ્રથમ સમયે ભાષા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે અને બીજા સમયે તેને પરિણત કરીને બોલે છે, તેથી ભાષાનો કાળ બે સમયનો છે. જે સમયે ભાષા બોલાય તે જ સમયે તેને ભાષા કહેવાય છે. ત્યારપછીના સમયે તે અભાષા થઈ જાય છે.

ભાષાના મુખ્ય ચાર પ્રકાર છે–સત્યભાષા, અસત્યભાષા, મિશ્રભાષા અને વ્યવહારભાષા. સંસારી જીવોમાંથી પાંચ સ્થાવર જીવોને જીહ્વા ન હોવાથી તે જીવો બોલી શકતા નથી, તેથી તેને ભાષા નથી. ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયોને એક વ્યવહાર ભાષા જ હોય છે. શેષ ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ચારે પ્રકારની ભાષા હોય છે. સિદ્ધના જીવો અભાષક છે.

## પદ – ૧૨ : શરીર

સંસારી આત્માને રહેવાનું સ્થાન, તે શરીર છે. તેના

મુખ્ય પાંચ પ્રકાર છે. સ્થૂલ પુદ્‌ગલોથી બનેલું, હાડકા, માંસ આદિ સાત ધાતુથી બનેલું મોક્ષપ્રાપ્તિમાં સહાયક બને, તે **ઔદારિક શરીર** છે. વિવિધ ક્રિયાઓ, વિવિધ રૂપ બનાવવામાં સમર્થ હોય, તે **વૈક્રિય શરીર** છે. ચૌદ પૂર્વધર મુનિઓ આહારક લબ્ધિથી જે શરીર બનાવે તે **આહારક શરીર** છે. તેની સહાયતાથી તે મુનિ તીર્થંકરના દર્શનાદિ કરવા જઈ શકે છે. તેજોમય પુદ્‌ગલોથી બનેલું, આહાર પાચનમાં સહાયક બને, તે **તૈજસ શરીર** છે. કર્મના સંગ્રહરૂપ હોય તે **કાર્મણશરીર** છે. કાર્મણશરીર દ્વારા જ જીવ નવા કર્મ પુદ્‌ગલોને ગ્રહણ કરીને કર્મ રૂપે પરિણત કરે છે.

આ પાંચ શરીરમાં તૈજસ-કાર્મણ શરીર સૂક્ષ્મ છે, તે અનાદિકાલથી દરેક જીવની સાથે હોય છે અને જીવ સિદ્ધ ન થાય ત્યાં સુધી સાથે રહે છે. ઔદારિક આદિ ત્રણ સ્થૂલ શરીર છે. જીવ સૂક્ષ્મ શરીર સહિત પરલોકમાં જાય, ત્યાં જઈને પોતાની ગતિ અનુસાર ઔદારિક કે વૈક્રિય શરીર બનાવે છે. આ રીતે પ્રત્યેક જીવને ઓછામાં ઓછા ત્રણ શરીર હોય છે. તે શરીર જયાં સુધી જીવની સાથે હોય, ત્યાં સુધી તે **બદ્ધશરીર** કહેવાય છે. જીવનું આયુષ્ય પૂર્ણ થતાં તે શરીરનો ત્યાગ કરે છે. તેમ છતાં તે છોડેલા શરીરના પુદ્‌ગલો જયાં સુધી પરિણામંતરને ન પામે ત્યાં સુધી તે જીવનું જ **મુક્ત શરીર** કહેવાય છે. સમસ્ત સંસારી જીવોની

અપેક્ષાએ બદ્ધ ઔદારિક અને બદ્ધ વૈક્રિય શરીર અસંખ્યાતા છે. બદ્ધ આહારક શરીર કયારેક હોય અને કયારેક હોતા નથી. જો હોય તો એક સાથે અનેક હજાર જ હોય છે. બદ્ધ તેજસ અને બદ્ધ કાર્મણ શરીર અનંત હોય છે. મુકત ઔદારિકાદિ પાંચે શરીર અનંત અનંત હોય છે. આ પદમાં ૨૪ દંડકમાં પ્રત્યેક દંડકના જીવોના બદ્ધ અને મુકત શરીરની વિચારણા છે.

## પદ – ૧૩ : પરિણામ

પરિણામ શબ્દના બે અર્થ થાય છે. (૧) મૂળ સ્વરૂપને છોડયા વિના દ્રવ્યોનું એક અવસ્થામાંથી બીજી અવસ્થાને પ્રાપ્ત થવું, તે પરિણામ છે. (૨) પૂર્વવર્તી વિદ્યમાન પર્યાયનો વિનાશ અને ઉત્તરવર્તી અવિદ્યમાન પર્યાયના પ્રાદુર્ભાવ થવો, તે પરિણામ છે.

જૈનદર્શન અનુસાર વસ્તુમાં બે અંશ છે. એક અંશ શાશ્વત–ધ્રુવ છે અને બીજો અંશ અશાશ્વત–પરિવર્તનશીલ છે. વસ્તુનો ધ્રુવ અંશ હંમેશાં સ્વરૂપમાં સ્થિત રહે છે અને અશાશ્વતઅંશમાં ઉત્પાદ–વ્યયરૂપ પરિવર્તન થયા કરે છે. આ રીતે વસ્તુ પોતાના સ્વરૂપમાં સ્થિર રહીને પરિણમન પામે છે. વસ્તુનું પરિણમન થવું, તે જ પરિણામ છે. છ એ દ્રવ્યોમાં સતત પરિણમન થયા જ કરે છે. તેમ છતાં સંસારી

જીવોની અને પુદ્ગલોની પરિવર્તન પામતી વિવિધ અવસ્થાઓ પ્રત્યક્ષ દેખાય છે. તેથી તેની વિવક્ષાથી કથન છે.

જીવના ગતિ, ઈન્દ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચરિત્ર અને વેદ, આ દશ પરિણામ તથા તેના ૫૦ ઉત્તરભેદ થાય છે. સર્વ સંસારી જીવોમાં પોતાની યોગ્યતા પ્રમાણે પરિણામ હોય છે. અજીવમાં બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દપરિણામ તથા તેના ૩૮ ઉત્તરભેદનું કથન છે. ધર્માસ્તિકાય આદિ અરૂપી અજીવમાં અગુરુલઘુ પરિણામ હોય છે.

## પદ – ૧૪ : કષાય

સંસારની વૃદ્ધિ કરનાર, પુનર્ભવના મૂળનું સિંચન કરનાર, શુદ્ધ સ્વરૂપી આત્માને વિકારોથી મલિન કરનાર તથા આઠ કર્મોના ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના આદિમાં કારણભૂત જીવના ભાવો કષાય કહેવાય છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે. ક્રોધ, માન, માયા, લોભ.

**ક્રોધઃ–** ક્રોધ મોહનીયકર્મના ઉદયથી થતાં ક્ષમાગુણના નાશક આત્મપરિણામોને ક્રોધ કહે છે. ક્રોધી વ્યકિત આવેશમાં આવી ભાન ભૂલી જાય છે. તે મિત્રતાનો નાશ

કરે છે. **માનઃ-** માન મોહનીયકર્મના ઉદયથી વિનયગુણના નાશક પરિણામોને માન કહે છે. તે જાતિ આદિની શ્રેષ્ઠતામાં અહંકારબુદ્ધિથી બીજાની અવહેલના કરીને નમ્રતાનો નાશ કરે છે. **માયા** – માયા મોહનીયકર્મના ઉદયથી થતાં સરળતાના નાશક કુટિલતા, પરવંચના કે ઠગાઈ રૂપ આત્મપરિણામને માયા કહે છે. તેનાથી સરળતાનો નાશ થાય છે. **લોભ** – લોભ મોહનીયના ઉદયથી પદાર્થો પ્રતિ મૂર્ચ્છા, આસકિત કે મમત્વના ભાવોને લોભ કહે છે. તેનાથી સંતોષનો નાશ થાય છે. કષાયની તીવ્રતા–મંદતાના આધારે તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન રૂપ ચાર ભેદ થાય છે. કષાયોના પ્રકાર, તેનો આધાર, ઉત્પત્તિના કારણો, ભેદ–પ્રભેદ તથા કષાયજન્ય કર્મના ચય, ઉપચય આદિ ક્રિયાઓની વિચારણા સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના જીવોની અપેક્ષાએ કરતાં ૩૪૦૦ આલાપક થાય છે.

## પદ – ૧૫ : ઈન્દ્રિય

ઈન્દ્રિયો આત્માની ઓળખ માટેનું લિંગ–પ્રતિક છે. સંસારી આત્માના અસ્તિત્ત્વની પ્રતીતિ ઈન્દ્રિયના માધ્યમથી જ થાય છે. શ્રોતેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય રૂપ પાંચે ઈન્દ્રિયના બે–બે ભેદ છે.

દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. ઈન્દ્રિયોની તથાપ્રકારની પૌદ્ગલિક રચના, જેના માધ્યમથી વિષય ગ્રહણ થાય છે, તે **દ્રવ્યેન્દ્રિય** છે. તેની પ્રાપ્તિ અંગોપાંગનામકર્મના ઉદયથી થાય છે. **સંસ્થાન** – દ્રવ્યેન્દ્રિયનો બાહ્ય આકાર દરેક જીવોનો જુદો જુદો હોય પરંતુ આભ્યંતર દ્રવ્યેન્દ્રિયનો આકાર પ્રત્યેક જીવોનો એક સમાન છે. તેમાં શ્રોતેન્દ્રિયનું સંસ્થાન કંદબપુષ્પ જેવું, ચક્ષુરિન્દ્રિયનું મસૂરદાળ જેવું, ઘ્રાણેન્દ્રિયનું અર્ધમુકતાફળ જેવું, રસનેન્દ્રિયનું ખુરપા–અસ્ત્રાની ધાર જેવું અને સ્પર્શેન્દ્રિયનું સંસ્થાન વિવિધ પ્રકારનું હોય છે.

**લંબાઈ–પહોળાઈ :–** પાંચે ઈન્દ્રિયોની પહોળાઈ–જાડાઈ અંગુલના અસંખ્યાતમા ભાગની અને લંબાઈ રસનેન્દ્રિયની પ્રત્યેક અંગુલની, સ્પર્શેન્દ્રિયની શરીર પ્રમાણ અને શેષ ત્રણ ઈન્દ્રિયોની અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

**ભેદ:–** દ્રવ્યેન્દ્રિયના બે કાન, બે આંખ, બે નસકોરા, એક જીહ્વા અને એક સ્પર્શેન્દ્રિય, આ આઠ ભેદ છે. એકેન્દ્રિયને એક, બેઈન્દ્રિયને બે, તેઈન્દ્રિયને ચાર, ચૌરેન્દ્રિય અને છ અને પંચેન્દ્રિયને આઠ દ્રવ્યેન્દ્રિય હોય છે.

**ભાવેન્દ્રિય :–** તદાવરણીય કર્મના ક્ષયોપશમથી વિષયનો બોધ થવો, તે ભાવેન્દ્રિય છે. તે આત્મપરિણામ રૂપ છે. તેના શ્રોતેન્દ્રિયાદિ પાંચ ભેદ છે. ભાવેન્દ્રિય આત્મપરિણામ

રૂપ હોવાથી તેનો કોઈ આકાર નથી. પાંચે ઈન્દ્રિયોની વિષય ગ્રહણ કરવાની શકિત ભિન્ન ભિન્ન છે. શ્રોતેન્દ્રિય સ્પૃષ્ટ–પ્રવિષ્ટ શબ્દોને જ સાંભળી શકે છે. ચક્ષુરિન્દ્રિય અસ્પૃષ્ટ રૂપને અર્થાત્1દૂર રહેલા પદાર્થોને જુએ છે. ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય બદ્ધ–સ્પૃષ્ટ વિષયને ગ્રહણ કરે છે.

**વિષયઃ** ચક્ષુરિન્દ્રિય જઘન્ય અંગુલના સંખ્યાતમા ભાગ અને શેષ ચાર ઈન્દ્રિય અંગુલના અસંખ્યાતમા ભાગ દૂરથી વિષય ગ્રહણ કરે છે. શ્રોતેન્દ્રિય ઉત્કૃષ્ટ બાર યોજન, ચક્ષુરિન્દ્રિય સાધિક લાખ યોજન અને શેષ ત્રણ ઈન્દ્રિય નવ યોજન દૂરથી વિષય ગ્રહણ કરી શકે છે.

પ્રત્યેક જીવે ભૂતકાલમાં અનંત જન્મ–મરણમાં અનંત દ્રવ્યેન્દ્રિય અને અનંત ભાવેન્દ્રિય પ્રાપ્ત કરી છે. વર્તમાનમાં પોતાની ગતિ, જાતિ પ્રમાણે ઈન્દ્રિયો હોય છે. અને ભવિષ્યમાં તેના ભવભ્રમણ પ્રમાણે ઈન્દ્રિયો પ્રાપ્ત કરશે.

## પદ – ૧૬ : પ્રયોગ

મન, વચન અને કાયાના માધ્યમથી થતાં આત્માના વ્યાપારને યોગ અથવા પ્રયોગ કહે છે. તેના પંદર ભેદ છે. ૧, સત્યમનપ્રયોગ ૨, અસત્યમનપ્રયોગ ૩, મિશ્ર

– મનપ્રયોગ ૪, વ્યવહારમનપ્રયોગ ૫, સત્યવચનપ્રયોગ ૬, અસત્યવચનપ્રયોગ ૭, મિશ્રવચનપ્રયોગ ૮, વ્યવહાર વચનપ્રયોગ ૯, ઔદારિકકાયપ્રયોગ ૧૦, ઔદારિકમિશ્ર કાયપ્રયોગ ૧૧, વૈક્રિયકાયપ્રયોગ ૧૨, વૈક્રિયમિશ્રકાય પ્રયોગ ૧૩, આહારકકાયપ્રયોગ ૧૪, આહારકમિશ્રકાય પ્રયોગ ૧૫, કાર્મણકાયપ્રયોગ.

નારકી, દેવતાને ચાર મનના, ચાર વચનના, વૈક્રિય, વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયપ્રયોગ, આ અગિયાર યોગ, તિર્યંચપંચેન્દ્રિયને આ અગિયાર અને ઔદારિક, ઔદારિકમિશ્ર સહિત તેર પ્રયોગ, મનુષ્યને પંદર પ્રયોગ, વાયુકાયને છોડીને શેષ ચાર સ્થાવરને ઔદારિક, ઔદારિક મિશ્ર અને કાર્મણકાયયોગ, આ ત્રણ પ્રયોગ અને વાયુકાયને વૈક્રિય અને વૈક્રિયમિશ્ર સહિત પાંચ પ્રયોગ હોય છે. ત્રણ વિકલેન્દ્રિયમાં ઔદારિક, ઔદારિકમિશ્ર, કાર્મણકાયયોગ અને વ્યવહારવચનયોગ, આ ચાર પ્રયોગ હોય છે.

**શાશ્વત–અશાશ્વત પ્રયોગઃ–** જે દંડકમાં જે પ્રયોગવાળા જીવો હંમેશા પ્રાપ્ત થાય, તે શાશ્વતપ્રયોગ અને જે પ્રયોગવાળા જીવો કયારેક હોય અને કયારેક ન હોય, તે અશાશ્વત પ્રયોગ છે. નારકી અને દેવોમાં અગિયાર પ્રયોગ હોય તેમાં ઉત્પત્તિના વિરહકાળમાં કાર્મણ કાયયોગી જીવ હોતા નથી તે અપેક્ષાએ કાર્મણકાયયોગ હંમેશા હોતો નથી,

તેથી કાર્મણકાયયોગ અશાશ્વત અને શેષ દશ યોગ શાશ્વત હોય છે. પાંચ સ્થાવર જીવોમાં સર્વ યોગ શાશ્વત છે. ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં કાર્મણકાયયોગ અશાશ્વત અને શેષ યોગ શાશ્વત છે. મનુષ્યોમાં ઔદારિકમિશ્ર, કાર્મણકાયયોગ, આહારક અને આહારકમિશ્ર, આ ચાર યોગ અશાશ્વત અને શેષ યોગ શાશ્વત હોય છે. જે દંડકમાં શાશ્વત–અશાશ્વત બંને પ્રકારના પ્રયોગ હોય તેના અસંયોગી, દ્વિસંયોગી આદિ ભંગ થાય છે.

## પદ – ૧૭ : લેશ્યા

લેશ્યા સંસારી આત્માના પરિણામ વિશેષ છે, તે આત્મા અને કર્મનું જોડાણ કરાવનાર માધ્યમ છે. તેના બે ભેદ છે. દ્રવ્યલેશ્યા, ભાવલેશ્યા.

**દ્રવ્યલેશ્યાઃ–** જે પુદ્ગલ દ્રવ્યની સહાયતાથી આત્માના વિવિધ પરિણામો પ્રગટ થાય અથવા આત્માના પરિણામ અનુસાર જે પુદ્ગલ ગ્રહણ થાય, તે દ્રવ્યલેશ્યા છે. તે પૌદ્ગલિક હોવાથી રૂપી છે.

**ભાવલેશ્યાઃ–** કર્મના ઉદયજન્ય કષાયથી અનુરંજિત કે અરંજિત આત્મપરિણામો ભાવલેશ્યા છે. તે અરૂપી છે. દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા પરસ્પર સાપેક્ષ છે.

લેશ્યાના છ પ્રકાર છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલલેશ્યા. તેમાં પ્રથમ ત્રણ લેશ્યા અશુભ અને અંતિમ ત્રણ લેશ્યા શુભ છે. અશુભ લેશ્યાના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ અશુભ હોય, શુભ લેશ્યાના વર્ણાદિ શુભ હોય છે. એક જ લેશ્યાના વર્ણાદિમાં તથા તેના ભાવોમાં અનેક પ્રકારની તરતમતા હોય છે. એક–એક લેશ્યાના અસંખ્યાત સ્થાન હોય છે.

**૨૪ દંડકમાં લેશ્યા :–** પ્રત્યેક દંડકના જીવોના પરિણામ અનુસાર ભિન્ન ભિન્ન લેશ્યાઓ હોય છે. નારકી, તેઉ, વાયુ, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચપંચેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં ત્રણ અશુભલેશ્યા, ભવનપતિ દેવો, વાણવ્યંતર દેવો તથા પૃથ્વી, પાણી, વનસ્પતિમાં પ્રથમ ચાર લેશ્યા, જયોતિષી દેવોમાં તેજો લેશ્યા, વૈમાનિક દેવોમાં અંતિમ ત્રણ શુભ લેશ્યા, ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોમાં છ લેશ્યા હોય છે. આ પ્રત્યેક દંડકના જીવોમાં સામાન્ય રીતે લેશ્યાનું કથન છે. પરંતુ કોઈ પણ એક જીવમાં એક સમયે એક જ લેશ્યા હોય છે. જીવના પરિણામ અનુસાર તેમાં પરિવર્તન થયા કરે છે.

**લેશ્યા પરિણમનઃ–** જેમ દૂધને દહીંનો સંયોગ થતાં દૂધનું દહીં રૂપે પરિણમન થાય છે. તેમ કૃષ્ણલેશ્યાના પુદ્ગલો નીલલેશ્યાના પુદ્ગલોનો સંયોગ પામી નીલલેશ્યા રૂપે

પરિણત થઈ જાય છે. મનુષ્ય અને તિર્યંચગતિમાં લેશ્યાનું દૂધમાંથી દહીની જેમ સંપૂર્ણ પરિણમન થાય છે. નારકી અને દેવોમાં જીવન પર્યંત દ્રવ્યલેશ્યા અવસ્થિત હોય છે. તેમ છતાં તેના આત્મભાવોના પરિવર્તન પ્રમાણે ભાવલેશ્યામાં પરિણમન થાય છે. જેમ સ્ફટિકમણિમાં લાલ રંગનો દોરો પરોવતાં તેમાં લાલ છાયા પડે છે, તેમાં સ્ફટિકનું સ્વરૂપ પરિવર્તન પામતું નથી. તે રીતે નારકી દેવોના ભાવ પરિવર્તનની છાયા માત્ર દ્રવ્યલેશ્યામાં ઝળકે છે.

**લેશ્યામાં આયુષ્યબંધઃ-** જીવ જે લેશ્યામાં આયુષ્ય બાંધે તે જ લેશ્યામાં તેનું મૃત્યુ થાય છે, તે જ લેશ્યામાં બીજા ભવમાં તેનો જન્મ થાય છે. આયુષ્ય બંધ સમયે જે લેશ્યા હોય, તદનુસાર આયુષ્ય બંધાય છે, જેમ કે અનુત્તરવિમાનના આયુષ્યનો બંધ શુકલલેશ્યામાં જ થાય છે.

**લેશ્યા અને ગર્ભોત્પતિઃ-** માતા-પિતા અને ગર્ભસ્થ બાળકનો આત્મા સ્વતંત્ર હોવાથી બંનેની લેશ્યા પણ સ્વતંત્ર હોય છે. કૃષ્ણલેશી સ્ત્રી છ લેશ્યામાંથી કોઈપણ લેશ્યાવાળા બાળકને જન્મ આપી શકે છે.

આ રીતે સંસારી જીવોના જીવનમાં, કર્મબંધમાં, આયુષ્યબંધ વગેરે મહત્ત્વની ઘટનામાં લેશ્યાનો ગાઢતમ સંબંધ છે.

## પદ – ૧૮ : કાયસ્થિતિ

જીવની સામાન્ય કે વિશેષ પર્યાયમાં નિરંતર રહેવાની કાલમર્યાદાને કાયસ્થિતિ કહે છે. જીવની એક ભવની કાલમર્યાદા ભવસ્થિતિ અને એક જ સ્થાનમાં નિરંતર થતાં અનેક ભવોની સ્થિતિનો સરવાળો કાયસ્થિતિ છે.

જેમ કે કોઈ મનુષ્ય ૧૦૦ વર્ષના આયુષ્ય સહિત લગાતાર સાત ભવ મનુષ્ય ગતિમાં જ જન્મધારણ કરે, તો તે મનુષ્યની ભવસ્થિતિ સો વર્ષની અને કાયસ્થિતિ ૭૦૦ વર્ષની થાય છે. નારકી અને દેવતા મરીને તુરંત નારકી કે દેવતાપણે ઉત્પન્ન થતાં નથી, તે ભવોમાં નિરંતરતા રહેતી ન હોવાથી તેની ભવસ્થિતિ, તે જ તેની કાયસ્થિતિ છે. જીવનું જીવત્વ શાશ્વત–સર્વકાળ છે. તેથી તેની કાયસ્થિતિ શાશ્વતકાળની છે જેમ – પૃથ્વીકાયના જીવો અસંખ્યાતકાલ પર્યંત નિરંતર પૃથ્વીકાયમાં જ જન્મ–મરણ કરી શકે છે, તેથી પૃથ્વીકાયની કાયસ્થિતિ અસંખ્યાતકાલની છે. તે જ રીતે પાણી, અગ્નિ, વાયુકાયની કાયસ્થિતિ અસંખ્યાતકાલની અને વનસ્પતિની અનંતકાલની છે. તે જ રીતે ચારે ગતિના જીવોની, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ આદિ વિવિધ અપેક્ષાએ જીવોની કાયસ્થિતિ જાણી શકાય છે.

## પદ – ૧૯ : સમ્યક્ત્વ

જિનેશ્વરકથિત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા, તે સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ છે. સમ્યગ્દર્શન સાધનાનું અનિવાર્ય અંગ છે. તેના પ્રભાવે જ જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ બને છે. તેથી સાધકે તેનું સ્વરૂપ તથા તેનાથી વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

જીવ અનાદિકાલથી મિથ્યાત્વી હોય છે, ત્યાર પછી કાલલબ્ધિ પૂર્ણ થતાં આત્મપુરુષાર્થથી મિથ્યાત્વમોહનીય તથા અનંતાનુબંધીકષાયનો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ થાય, ત્યારે તે જીવને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમ્યક્ત્વ અને મિથ્યાત્વની મિશ્ર અવસ્થા હોય ત્યારે મિશ્ર દૃષ્ટિ હોય છે. એક સમયમાં એક જીવને કોઈપણ એક દૃષ્ટિ હોય છે.

સમુચ્ચય રીતે પાંચ સ્થાવરમાં એક મિથ્યાદૃષ્ટિ, ત્રણ વિકલેન્દ્રિયમાં સમકિત અને મિથ્યા, આ બે દૃષ્ટિ, નારકી, તિર્યંચપંચેન્દ્રિય, મનુષ્ય અને દેવોમાં ત્રણ દૃષ્ટિ હોય છે. મિથ્યાત્વનું સ્વરૂપ જાણી તેનો ત્યાગ અને સમ્યક્ત્વના પ્રગટીકરણ માટેનો પુરુષાર્થ, તે જ અધ્યાત્મવિકાસક્રમ છે.

## પદ – ૨૦ : અંતક્રિયા

ભવપરંપરાનો અથવા કર્મોનો સર્વથા અંત કરાવનારી અથવા મોક્ષપ્રાપ્તિને યોગ્ય ક્રિયાને અંતક્રિયા કહે છે.

૨૪ દંડકના જીવોમાંથી એક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જ અંતક્રિયા કરી શકે છે. કારણકે મોક્ષપ્રાપ્તિની યોગ્યતા એક માત્ર કર્મભૂમિના મનુષ્યોમાં જ છે.

પ્રથમ ચાર નરકના નારકી, દેવો, પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચપંચેન્દ્રિય અનંતર ભવમાં જ મનુષ્યજન્મ પામીને અંતક્રિયા કરી શકે છે. તે સિવાયના જીવો અર્થાત્ અંતિમ ત્રણ નરકના નારકી, તેઉ, વાયુ, ત્રણ વિકલેન્દ્રિય જીવો પરંપરાએ મનુષ્યજન્મ પામીને અંતક્રિયા કરી શકે છે.

નારકી અને દેવો પોત–પોતાના ભવમાં ધર્મશ્રવણ, ધર્મસમજણ, શ્રદ્ધા, મતિ–શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, આ પાંચ બોલ પામી શકે છે. તિર્યંચ પંચેન્દ્રિય વ્રત–નિયમ સહિત છ બોલ પામે છે. મનુષ્યો સંયમ, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, અને અંતક્રિયા–મોક્ષ, આ ચાર બોલ સહિત દશ બોલ પામે છે. પાંચ સ્થાવર કે વિકલેન્દ્રિય જીવો સાધનાને યોગ્ય કોઈ પણ બોલ પામી શકતા નથી.

પ્રથમ ત્રણ નરકના નારકી અને વૈમાનિક દેવો મરીને મનુષ્ય જન્મમાં તીર્થંકરપદ પામી શકે છે. પ્રથમ

નરકના નારકી અને વૈમાનિક દેવ મરીને ચક્રવર્તી પદ, પ્રથમ બે નરકના નારકી અને અનુત્તર વિમાનના દેવને છોડીને શેષ વૈમાનિક દેવો વાસુદેવ પદ પામી શકે છે. સંક્ષેપમાં તીર્થંકર ચક્રવર્તી આદિ ઉત્તમ પુરુષો નરક કે દેવગતિમાંથી જ આવે છે. તે જીવો પોતાની યોગ્યતા પૂર્વના ભવોમાં જ નિશ્ચિત કરે છે.

## પદ – ૨૧ : અવગાહના સંસ્થાન

ઔદારિકાદિ પાંચે શરીર પૌદ્‌ગલિક હોવાથી તેની અવગાહના–લંબાઈ અને તેનું સંસ્થાન અર્થાત્ ચોક્કસ આકાર પણ હોય છે. ઔદારિકાદિ પાંચે શરીરના ભેદ–પ્રભેદ જીવોના ભેદ અનુસાર થાય છે.

**અવગાહનાઃ–** સામાન્ય રીતે ઔદારિક શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ હજાર યોજનની છે. વૈક્રિય શરીરની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ૫૦૦ યોજનની છે. ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ ઉત્કૃષ્ટ એક લાખ યોજનની છે. આહારક શરીરની અવગાહના જઘન્ય મૂઢા હાથની અને ઉત્કૃષ્ટ એક હાથની હોય છે. તૈજસ–કાર્મણ શરીર સૂક્ષ્મ હોવાથી સામાન્ય રીતે તેની સાથે જે સ્થૂલ શરીર હોય તેટલી અવગાહના તે ધારણ કરે છે. તે ઉપરાંત મારણાંતિક

સમુદ્‌ઘાતની અપેક્ષાઓ જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લોકાંતથી બીજા લોકાંત સુધીની હોય છે. ૨૪ દંડકના પ્રત્યેક જીવની અવગાહના પોતાના કર્માનુસાર જુદી જુદી હોય છે.

**સંસ્થાનઃ-** ઔદારિક શરીરમાં છ એ સંસ્થાન હોય છે. તેમાં સ્થાવર, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચો અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને એક હૂંડ સંસ્થાન, સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્યોને છ એ સંસ્થાન હોય છે. વૈક્રિય શરીરમાં નારકીને હૂંડ અને દેવોને સમચતુરસ્ત્ર સંસ્થાન હોય અને ઉતરવૈક્રિય શરીરમાં વિવિધ સંસ્થાન હોય છે. આહારક શરીરમાં એક સમચતુરસ્ત્રસંસ્થાન હોય છે. તૈજસ-કાર્મણ શરીર સૂક્ષ્મ હોવાથી તેનું સ્વતંત્ર કોઈ સંસ્થાન નથી. તે સ્થૂલ શરીરના સંસ્થાનને ધારણ કરે છે. આ પાંચે શરીરી જીવોમાંથી ઔદારિક, તૈજસ, કાર્મણ શરીરને માટે આવશ્યક પુદ્‌ગલો ત્રણ, ચાર, પાંચ કે છ દિશામાંથી અને વૈક્રિય અને આહારક શરીરી જીવો ત્રસનાલમાં જ હોવાથી તે જીવો છ દિશામાંથી પુદ્‌ગલ ગ્રહણ કરે છે. આ પાંચે શરીરમાં ઔદારિક શરીરના પુદ્‌ગલો સર્વથી સ્થૂલ છે, ત્યાર પછી વૈક્રિયાદિ શરીરના પુદ્‌ગલો ક્રમશઃ સૂક્ષ્મ છે.

આ રીતે જીવ પોતાના પુરુષાર્થથી પોતાના કર્માનુસાર શરીરનું નિર્માણ કરે છે. અને કર્માનુસાર

અવગાહના, સંસ્થાનાદિ પ્રાપ્ત કરે છે.

## પદ – ૨૨ : ક્રિયા

કષાય અને યોગજન્ય પ્રવૃત્તિને ક્રિયા કહે છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસારભ્રમણ થાય છે.

જીવહિંસાની અપેક્ષાએ ક્રિયાના પાંચ પ્રકાર છે. (૧) શરીરજન્ય પ્રવૃત્તિ તે **કાયિકીક્રિયા** (૨) પાપકારી સાધનજન્ય પ્રવૃત્તિ તે **અધિકરણિકીક્રિયા** (૩) કષાયજન્ય પ્રવૃત્તિ તે **પ્રાદ્વેષિકીક્રિયા** (૪) પરપીડાજન્ય પ્રવૃત્તિ તે **પારિતાપનિકીક્રિયા** (૫) જીવહિંસાજન્ય પ્રવૃત્તિ તે **પ્રાણાતિપાતિકીક્રિયા.**

ક્રિયાની પરંપરા ભૂતકાલીન પણ હોય છે. જીવે પૂર્વજન્મના શરીર કે પોતાની માલિકીના સાધન સંપત્તિ સમજણપૂર્વક વોસિરાવ્યા ન હોય અર્થાત્ તેનો ત્યાગ કર્યો ન હોય, તો તે શરીરાદિના પુદ્ગલોથી જે પાપની પ્રવૃત્તિ થાય, તેની ક્રિયા વર્તમાનભવમાં તે જીવને લાગે છે, તેથી ૨૪ દંડકના એક કે અનેક જીવોને પરસ્પર ૨૪ દંડકના એક કે અનેક જીવોથી ક્રિયા લાગે છે. સરાગી જીવોને ઓછામાં ઓછી ત્રણ ક્રિયા, પોતાની પ્રવૃત્તિથી અન્ય જીવોને પરિતાપ થયો હોય, તો ચાર ક્રિયા અને જીવહિંસા થઈ હોય, તો પાંચ ક્રિયા લાગે છે. વીતરાગી જીવો આ પાંચ ક્રિયાની

અપેક્ષાએ અક્રિય હોય છે. કાયિકી આદિ પ્રથમ ત્રણ ક્રિયાને પરસ્પર અવિનાભાવ સંબંધ છે. ચોથી પારિતાપનિકી ક્રિયા લાગે ત્યારે પૂર્વની ત્રણ ક્રિયા અને પાંચમી પ્રાણાતિપાતિકી ક્રિયા લાગે, ત્યારે પૂર્વની ચાર ક્રિયા અવશ્ય હોય છે. ક્રિયાના અન્ય પાંચ પ્રકાર પણ થાય છે. (૧) હિંસાજન્ય પ્રવૃત્તિ, તે આરંભિકી ક્રિયા, (૨) મૂર્ચ્છા–મમત્વભાવજન્ય પ્રવૃત્તિ, તે પારિગ્રહિકી ક્રિયા (૩) કષાયજન્ય પ્રવૃત્તિ, તે માયાવત્તિયા ક્રિયા, (૪) અવિરતિના પરિણામોથી થતી પ્રવૃત્તિ, તે અપ્રત્યાખ્યાનક્રિયા (૫) મિથ્યાત્ત્વજન્ય પ્રવૃત્તિ, તે મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા છે. સંસારી જીવોના ગુણસ્થાન અનુસાર ઉપરોક્ત ક્રિયાઓ લાગે છે. આ પાંચ ક્રિયાનો સદ્ભાવ કે અભાવ જીવની આધ્યાત્મિક સ્થિતિ પ્રગટ કરે છે.

## પદ – ૨૩ : કર્મપ્રકૃતિ

કષાય અને યોગના નિમિત્તથી આત્મા કાર્મણ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે અને તે આત્મા સાથે ક્ષીર–નીરની જેમ એકમેક થઈ જાય, તેને કર્મબંધ કહે છે.

કાર્મણ વર્ગણામાં જ્ઞાનાવરણીયાદિ ભેદ નથી, જીવ ગ્રહણ કરે ત્યારે તુરંત જ જીવના વીર્ય પરાક્રમથી તેમાં કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ નિશ્ચિત

થાય છે. જેમ એક જ આહારના પુદ્ગલો શરીરમાં સાત ધાતુ રૂપે પરિણત થાય છે. તેમ કાર્મણ વર્ગણાના પુદ્ગલો કર્મ રૂપે પરિણત થાય છે.

**પ્રકૃતિબંધ :** કર્મની પ્રકૃતિ – સ્વભાવ નિશ્ચિત થવો. જ્ઞાન પર આવરણ કરે તે જ્ઞાનાવરણીય કર્મ, દર્શન પર આવરણ કરે તે દર્શનાવરણીય કર્મ. આ રીતે કર્મોનો ભિન્ન ભિન્ન સ્વભાવ નિશ્ચિત થાય તે પ્રકૃતિબંધ છે. કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે અને તેની ઉત્તર પ્રકૃતિ ૧૨૦ છે.

**સ્થિતિબંધ :** કર્મની આત્મા સાથે રહેવાની ચોકકસ કાલમર્યાદા નિશ્ચિત થવી તે સ્થિતિબંધ છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. આ રીતે દરેક કર્મોની કાલમર્યાદા ભિન્ન ભિન્ન હોય છે.

**અનુભાગબંધ :** કર્મની ફળ પ્રદાન કરવાની તીવ્ર–મંદ શકિત નિશ્ચિત થવી, તે અનુભાગબંધ છે.

**પ્રદેશબંધ :** બંધાતા કર્મપુદ્ગલનો જથ્થો, તે પ્રદેશબંધ છે.

આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગની શુભાશુભ પ્રવૃત્તિના આધારે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ જીવના રાગ–દ્વેષ રૂપ કષાયની તીવ્રતા–

મંદતાના આધારે નિશ્ચિત થાય છે.

બીજી રીતે કર્મબંધના બે પ્રકાર છે – દ્રવ્યબંધ અને ભાવબંધ

રાગદ્વેષાદિ પરિણામોથી કાર્મણ વર્ગણાના જે પુદ્ગલો આત્મા સાથે બંધાય છે, તે કાર્મણવર્ગણાના પુદ્ગલોનો સંબંધ થવો, તે **દ્રવ્યબંધ** છે અને કાર્મણ વર્ગણના સંબંધમાં જે રાગાદિ પરિણામો નિમિત્તભૂત બને છે, તે રાગાદિ પરિણામો **ભાવબંધ** છે.

જ્ઞાનને આવરણ કરનાર **જ્ઞાનાવરણીયકર્મ**, દર્શનને આવરણ કરનાર **દર્શનાવરણીયકર્મ**, શરીરજન્ય સુખ–દુઃખનું વેદન કરાવનાર **વેદનીયકર્મ**, જીવને સત્યનું ભાન કે સત્ય આચરણમાં બાધક બનનાર **મોહનીયકર્મ**, જન્મ–મરણ કરાવનાર **આયુષ્યકર્મ**, ગતિ, જાતિ, શરીરાદિ પ્રાપ્ત કરાવનાર **નામકર્મ**, ઉચ્ચ–નીચ કુળમાં જન્મ પ્રાપ્ત કરાવનાર **ગોત્રકર્મ** અને જીવની શકિતના પ્રગટીકરણમાં બાધક બનનાર **અંતરાય કર્મ** છે. આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૪૮ અથવા ૧૫૮ છે.

અનાદિકાલથી જીવ સકર્મા છે. સકર્મા જીવ જ અન્ય કર્મબંધ કરે છે. એક કર્મનો ઉદય અન્ય કર્મના બંધનું

કારણ બને છે. આ રીતે કર્મબંધની પરંપરા ચાલ્યા કરે છે. સામાન્ય રીતે રાગ-દ્વેષ રૂપ કષાય અને શુભાશુભ યોગપ્રવૃત્તિ કર્મબંધના કારણ છે. વિશેષ અપેક્ષાએ આઠે કર્મબંધના જૂદા જૂદા કારણો છે. મનુષ્યોને છોડીને શેષ સર્વ સંસારી જીવો સમયે સમયે સાત કે આઠ કર્મ બાંધે છે. મનુષ્યો પોતાના આધ્યાત્મવિકાસ પ્રમાણે આઠ, સાત, છ કે એક કર્મ બાંધે છે અને તેની અયોગી અવસ્થામાં તે અબંધક પણ થઈ શકે છે.

**કર્મવેદનઃ-** જીવે બાંધેલા કર્મોનું વેદન કયારેક બાહ્ય નિમિત્તથી અથવા કયારેક નિમિત્ત વિના કર્મ પોતાનો વિપાક પ્રગટ કરે છે. જેમ મનુષ્યાયુષ્યના ઉદય સાથે ત્રસનામ, પંચેન્દ્રિય જાતિ આદિ પ્રકૃતિ નિમિત્ત વિના જ ઉદયમાં આવે છે. નરકગતિમાં ક્ષેત્રવેદના નિમિત્ત વિના અને દેવકૃત વેદના નિમિત્તજન્ય છે. આહારના અજીર્ણથી થતી અશાતા પુદ્‌ગલજન્ય નિમિત્તથી થાય છે. સંક્ષેપમાં કોઈ પણ રીતે પુદ્‌ગલના માધ્યમથી કર્મ પોતાનું વેદન કરાવે છે.

પ્રત્યેક કર્મ પોતાના સ્વભાવ અનુસાર વેદન કરાવે છે. તેની કાલમર્યાદા સુધી તીવ્રતાથી કે મંદતાથી પોતાનું

ફળ પ્રદર્શિત કરી, પૂર્ણ રીતે વેદન કરાવીને તે આત્માથી પૃથક થઈ જાય છે. અર્થાત્ નિર્જરી જાય છે. આ રીતે રાગ–દ્વેષાદિથી કર્મબંધ, ઉદય, ઉદીરણા, વેદન, તે વેદનમાં પુનઃ કર્મબંધ, આ ચક્ર ચાલ્યા જ કરે છે. જયારે જીવનો આત્મિક પુરુષાર્થ પ્રબળ થાય ત્યારે બંધ પરંપરા અટકી જાય અને પૂર્વકૃત કર્મોનો જીવ ક્રમશઃ નાશ કરે છે. સૂત્રકારે કર્મપ્રકૃતિના ભેદ–પ્રભેદ તેનું સ્વરૂપ, તેની સ્થિતિ તેના બંધક જીવો આદિનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

## પદ – ૨૪ થી ૨૭

આ ચાર પદમાં કર્મબંધ અને વેદનનો તથા વેદન અને બંધનો સંબંધ પ્રદર્શિત થાય છે. ચોવીસમાં કર્મબંધ–બંધક પદમાં જ્ઞાનાવરણીયાદિ એક કર્મનો બંધ કરતો જીવ અન્ય કયા કર્મો બાંધે છે. તેની વિચારણા છે. પચ્ચીસમાં કર્મબંધ–વેદક પદમાં જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધતો જીવ અન્ય કયા કર્મોનું વેદન કરે છે, તેની વિચારણા છે. છવ્વીસમાં કર્મવેદ–બંધક પદમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનું વેદન કરતો જીવ કયા કર્મોનો બંધ કરે છે. તેની વિચારણા છે. સત્તાવીસમાં કર્મવેદ–વેદકપદમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનું વેદન કરતો જીવ અન્ય કયા કર્મનું વેદન કરે છે, તેનું કથન છે.

સકર્મા જીવ પોતાની સયોગી અવસ્થા સુધી નિરંતર કર્મોનો બંધ કરે છે. અને તેની અયોગી અવસ્થા સુધી નિરંતર કર્મોનું વેદન કરે છે.

જેમ જ્ઞાનાવરણીય કર્મનો બંધ દશ ગુણસ્થાન સુધી થાય છે. ત્યાં સુધીમાં જીવ આઠ, સાત અથવા છ કર્મો બાંધે છે. યથા – જો આયુષ્ય કર્મનો બંધ થતો હોય, તો આઠ કર્મનો બંધ થાય, આયુષ્યનો બંધ થતો ન હોય, તો સાત કર્મનો બંધ થાય અને જીવ જો દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને હોય, તો છ કર્મો બાંધે છે. આ રીતે અન્ય કર્મોના પરસ્પર બંધના સંબધની વિચારણા થાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ઉદય બાર ગુણસ્થાન સુધી હોય છે. ત્યાં સુધી જીવને આઠે કર્મોનો ઉદય હોય છે, ત્યાં સુધી જીવ આઠ, સાત, છ અથવા એક કર્મ બાંધે છે. આ રીતે આઠે કર્મોના બંધનો અન્ય કર્મના બંધ કે વેદન સાથે અને આઠ કર્મના વેદનનો અન્ય કર્મના બંધ કે વેદન સાથેના સમુચ્ચય જીવ અથવા ૨૪ દંડકના જીવોમાં તેના વિવિધ વિકલ્પોની વિચારણા થાય છે.

## પદ – ૨૮ : આહાર

જીવ દ્વારા શરીર યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવા, તે આહાર છે. જીવ પોતાની ઈચ્છા કે વિકલ્પ વિના નિરંતર જે

પુદ્ગલો ગ્રહણ કરે, તે **અનાભોગ નિર્વતિત** આહાર છે. અને ઈચ્છાપૂર્વક જે પુદ્ગલો ગ્રહણ કરે, તે **આભોગનિર્વતિત** આહાર છે. તેની કાલમર્યાદા પ્રત્યેક દંડકના જીવોની ભિન્ન ભિન્ન છે.

**આહારના પ્રકારઃ–** આહાર યોગ્ય પુદ્ગલો સચેત, અચેત અથવા મિશ્ર, તેમ ત્રણ પ્રકારના છે. અન્ય રીતે પણ આહારના ત્રણ પ્રકાર છે. જીવ ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થઈને પ્રથમ સમયે જે પુદ્ગલો ગ્રહણ કરે, તેને **ઓજાહાર**, રોમરાજી દ્વારા જે ગ્રહણ થાય, તે **લોમાહાર** અને જે પુદ્ગલોનો મુખમાં પ્રક્ષેપ કરાય, તે **પ્રક્ષેપાહાર–કવલાહાર** છે. દેવો પુણ્યના ઉદયે મન દ્વારા જ શુભ પુદ્ગલોને ગ્રહણ કરી લે છે. તેને **મનોભક્ષી** કહેવાય છે.

સમસ્ત સંસારી જીવો ઓજાહાર અને લોમાહાર કરે છે. વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને પ્રક્ષેપાહાર હોય છે. નારકી અશુભ અને અચેત પુદ્ગલોને, દેવો શુભ અને અચેત પુદ્ગલોને અને મનુષ્ય, તિર્યંચો શુભાશુભ, સચેત, અચેત, મિશ્ર, ત્રણે પ્રકારના પુદ્ગલોને ગ્રહણ કરે છે.

જીવ જે પુદ્ગલોને ગ્રહણ કરે છે. તેને પોતાની ઈન્દ્રિય રૂપે પરિણત કરે છે. એકેન્દ્રિય જીવે ગ્રહણ કરેલો

આહાર સ્પર્શેન્દ્રિય રૂપે, બેઈન્દ્રિયાદિ જીવે ગ્રહણ કરેલો આહાર ક્રમશઃ બે, ત્રણ, ચાર કે પાંચ ઈન્દ્રિય રૂપે પરિણત થાય છે.

જીવ નિરંતર આહાર યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે છે. તેથી તે આહારક છે પરંતુ જીવ વિગ્રહગતિમાં, કેવળી સમુદ્ઘાતના સમયે, ચૌદમા ગુણસ્થાને અયોગી અવસ્થામાં તથા સિદ્ધાવસ્થામાં અનાહારક હોય છે. કોઈ પણ એક જીવ એક સમયે આહારક અથવા અનાહારક, આ બે માંથી એક અવસ્થામાં હોય છે. તે તે સ્થાનના અનેક જીવોની અપેક્ષાએ તેમાં આહારક–અનાહારકના વિવિધ વિકલ્પો–ભંગોની સંભાવના છે. સૂત્રકારે ભવી, અભવી, સંજ્ઞી, અસંજ્ઞી, લેશ્યાદિ તેર દ્વારના ૬૯ બોલમાં આહારક–અનાહારકની વિચારણા કરી છે.

## પદ – ૨૯ : ઉપયોગ

આત્માની ચૈતન્યશકિતનો પ્રયોગ, તે ઉપયોગ છે. આત્મા સ્વયં જ્ઞાન–દર્શન સ્વરૂપ છે. આત્મા સ્વયં જયારે પોતાની જ્ઞાન–દર્શન રૂપ શકિતનો પ્રયોગ કરે ત્યારે તે ઉપયોગ કહેવાય છે. તે જીવનું લક્ષણ છે. જેમ ધૂમથી અગ્નિનું જ્ઞાન થાય, તેમ ઉપયોગથી આત્માને જાણી શકાય છે. ઉપયોગના બે ભેદ છે. સાકારોપયોગ–જ્ઞાનોપયોગ,

અનાકારોપયોગ- દર્શનોપયોગ. કર્મના ક્ષયોપશમ, ક્ષય આદિની તરતમતાના આધારે જ્ઞાનોપયોગના પાંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન રૂપ આઠ ભેદ અને દર્શનોપયોગના ચક્ષુદર્શનાદિ ચાર ભેદ છે. આ રીતે ઉપયોગના ૮ + ૪ = ૧૨ ભેદ થાય છે. તેમાંથી કોઈ પણ જીવને ઓછામાં ઓછા મતિ–શ્રુત જ્ઞાન અથવા બે અજ્ઞાન અને અચક્ષુદર્શન, આ ત્રણ ઉપયોગ હોય છે. ત્યાર પછી જીવના વિકાસ પ્રમાણે તે પોતાની જ્ઞાન–દર્શન શકિતને પ્રગટ કરે છે અને વધુ ઉપયોગ પામે છે. આ રીતે ૨૪ દંડકના જીવોને પ્રાપ્ત થતાં ઉપયોગના આધારે તેનો આધ્યાત્મિક વિકાસ જાણી શકાય છે.

## પદ – ૩૦ : પશ્યતા

વિશેષ પ્રકારના બોધને અર્થાત્ ત્રૈકાલિક બોધને અથવા પ્રકૃષ્ટ ઈક્ષણ–પ્રકૃષ્ટ દર્શનને પશ્યતા કહે છે.

પશ્યતા જ્ઞાન પરિણામ સ્વરૂપ છે. પરંતુ તેમાં ત્રૈકાલિક બોધનું જ ગ્રહણ થાય છે. મતિજ્ઞાન, મતિઅજ્ઞાન અને અચક્ષુદર્શન આ ત્રણ ઉપયોગ વર્તમાનકાલીન બોધ રૂપ હોવાથી તેની ગણના પશ્યતામાં થતી નથી, તેથી ઉપયોગના બાર પ્રકાર છે. પરંતુ પશ્યતાના નવ ભેદ છે.

## પદ – ૩૧ : સંજ્ઞી

જે જીવો મન સહિત હોય, તે સંજ્ઞી. મન રહિત

હોય, તે અસંજ્ઞી; અને સંજ્ઞી હોવા છતાં જે ચિંતનરૂપ મનોવ્યાપારથી રહિત હોય, તેવા કેવળી ભગવાન નોસંજ્ઞી–નોઅસંજ્ઞી છે.

નારકી અને દેવો સંજ્ઞી છે. પરંતુ પ્રથમ નરકના નારકી, ભવનપતિ અને વ્યંતર દેવોમાં અસંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિયની ઉત્પતિ થતી હોવાથી અપર્યાપ્ત અવસ્થામાં તેની અસંજ્ઞીમાં ગણના થાય છે. પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય અસંજ્ઞી છે. તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યો સંજ્ઞી–અસંજ્ઞી બંને છે.

## પદ – ૩૨ : સંયત

જે સર્વ પ્રકારની પાપપ્રવૃતિથી જીવન પર્યંત નિવૃત્ત થઈ ગયા છે. તેવા સર્વવિરતિ સાધકો **સંયત** છે. જે જીવો પાપપ્રવૃત્તિથી આંશિક રૂપે નિવૃત્ત થયા છે, તેવા દેશવિરતિ સાધકો **સંયતાસંયત** અને જે જીવો પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થયા નથી તેવા અવિરતિ જીવો **અસંયત** છે. અશરીરી સિદ્ધ જીવો માટે સંયતાદિ શબ્દ પ્રયોગ ઉચિત નથી તેથી તેઓ **નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત** છે. સર્વ સંસારી જીવોમાંથી મનુષ્યો સંયત થઈ શકે છે અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો સંયતાસંયત થઈ શકે છે. શેષ સર્વ જીવો અસંયત છે.

# પદ – ૩૩ : અવધિ

અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને સાક્ષાત આત્માથી જાણે તે અવધિજ્ઞાન છે. આ પદમાં અવધિજ્ઞાનના ભેદ, વિષય, સંસ્થાનાદિ વિવિધ વિષયોની વિચારણા છે.

**ભેદઃ–** અવધિજ્ઞાનના મુખ્ય બે ભેદ છે. (૧) નારકી અને દેવતાને જન્મથી જ જે અવધિજ્ઞાન હોય, તે **ભવપ્રત્યયિક અવધિજ્ઞાન** છે. તે જન્મથી મૃત્યુ સુધી તેટલું જ રહે છે. તેમાં વધઘટ થતી નથી. (૨) મનુષ્ય અને તિર્યંચોને તપ–સંયમની સાધનાથી જે અવધિજ્ઞાન પ્રગટ થાય તે **ક્ષાયોપશમિક અવધિજ્ઞાન** છે. તેમાં ક્ષયોપશમ પ્રમાણે વધઘટ થયા કરે છે. તેના અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતિ–અપ્રતિપાતિ, અવસ્થિત–અનવસ્થિત આદિ ભેદ થાય છે.

**સંસ્થાનઃ–** અવધિજ્ઞાનના વિષયભૂત ક્ષેત્રના આકારને જ અવધિજ્ઞાનનું સંસ્થાન કહે છે. નારકી, દેવતાનું અવધિજ્ઞાન અવસ્થિત હોવાથી તેનો ચોક્કસ આકાર હોય છે. જેમ કે નારકીનું અવધિજ્ઞાન ત્રાપાના આકારે, ભવનપતિ દેવોનું પલ્યાકારે, વ્યંતરદેવોનું પડહ–ઢોલ, જયોતિષી દેવોનું ઝાલર, બાર દેવલોકના દેવોનું ઊર્ધ્વમૃદંગ, નવગ્રૈવેયકના

દેવોનું ફૂલની છાબડી, અનુત્તરવિમાનના દેવોનું જવનાલિકાના આકારે હોય છે. મનુષ્ય અને તિર્યંચ અવધિજ્ઞાનનો કોઈ ચોક્કસ આકાર નથી.

**વિષયઃ–** સામાન્ય રીતે અવધિજ્ઞાની **દ્રવ્યથી** અનંતરૂપી દ્રવ્યોને, **ક્ષેત્રથી** જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોક અને અલોકમાં લોક જેટલા અસંખ્ય અખંડ હોય, તો તે ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોને, **કાલથી** જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી કાલના રૂપી દ્રવ્યોને, **ભાવથી**– અનંતરૂપી પદાર્થોની અનંતાનંત પર્યાયોને જાણી શકે છે.

ચારે ગતિના અવધિજ્ઞાનનો વિષય ભિન્ન ભિન્ન હોય છે. જેમ જેમ જીવના આત્મપરિણામોની નિર્મળતા વધતી જાય, તેમ અવધિજ્ઞાનનો વિષય વધતો જાય છે.

## પદ – ૩૪ : પરિચારણા

પરિચારણા શબ્દનો અર્થ મૈથુન સેવન, કામક્રીડા, વિષયભોગ આદિ થાય છે. પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષય અને તેમાં રાગ–દ્વેષાત્મક ભાવરૂપ ૨૪૦ વિકાર છે. વિષયોને રાગ–દ્વેષાત્મક ભાવરહિત ભોગવવા તે અપરિચારણા છે. પરિચારણાનો મૂળ આધાર શરીર તથા શરીરથી સંબંધિત

સ્પર્શ, રૂપ, શબ્દ, મન, અંગોપાંગ, ઈન્દ્રિયો આદિ છે. તેથી સૂત્રમાં સર્વપ્રથમ આહારગ્રહણ, શરીર નિષ્પત્તિ, પુદ્‍ગલ ગ્રહણ, તેનું ઈન્દ્રિયાદિ રૂપે પરિણમન, પરિચારણા અને વિકુર્વણા આ છ ક્રિયાની ક્રમશઃ વિચારણા છે.

પ્રસ્તુત પદમાં દેવોની પરિચારણાનું જ કથન છે. દેવો પોતાની વૈક્રિયલબ્ધિથી અને ઉચ્ચકોટિના પુણ્યથી વિવિધ પ્રકારે ભોગેચ્છાને પૂર્ણ કરે છે. જે દેવલોકમાં દેવીઓ છે, તે દેવો મનુષ્યોની જેમ જ કાયિક પરિચારણા કરે છે. જે દેવલોકમાં દેવીઓ નથી, તે દેવો અન્ય દેવલોકમાંથી દેવીઓને બોલાવીને તેના સ્પર્શ, રૂપદર્શન કે શબ્દશ્રવણથી ઈચ્છાપૂર્તિ કરે છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને પહેલા–બીજા દેવલોકના દેવો કાયિક પરિચારણા, ત્રીજા–ચોથા દેવલોકના દેવો સ્પર્શ પરિચારણા, પાંચમા–છટ્ઠા દેવલોકના દેવો રૂપ–પરિચારણા, સાતમા–આઠમા દેવલોકના દેવો શબ્દ પરિચારણા, નવમાથી બારમા દેવલોકના દેવો મન પરિચારણા કરે છે. નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનના દેવોને પરિચારણા નથી.

## પદ – ૩૫ : વેદના

વેદના એટલે સુખદુઃખાદિનો અનુભવ, પીડા, સંતાપ, કર્મફળભોગ, ઉદયમાં આવેલા કર્મોનો અનુભવ.

પ્રસ્તુત પદમાં સાત પ્રકારે ભિન્ન ભિન્ન વેદનાનું કથન છે. ૧, શીત, ઉષ્ણ કે શીતોષ્ણ વેદના ૨, દ્રવ્યવેદના – ચંદનના લેપથી શીતળતાનો અનુભવ કરવો. ક્ષેત્રવેદના– રણપ્રદેશમાં તાપનો અનુભવ કરવો. કાલવેદના–ઉનાળામાં ગરમીનો અનુભવ કરવો. ભાવવેદના – રાગાત્મક ભાવથી આનંદ કે દુ:ખની અનુભૂતિ કરવી. ૩, શારીરિક, માનસિક અને શારીરિક–માનસિક વેદના ૪, શાતા–અશાતાવેદના ૫, દુ:ખરૂપ વેદના, સુખરૂપ વેદના૬, આભ્યુપગમિકી– સ્વેચ્છાથી સ્વીકારેલી વેદના અને ઔપક્રમિકી–કર્મના ઉદયથી સહજ આવેલી વેદના. ૭, નિદા–જાગૃતિપૂર્વક વેદાતી વેદના અને અનિદા– બેભાનપણે વેદાતી વેદના.

આ સર્વ વેદનાઓનો અનુભવ સંસારી જીવોને ભિન્ન ભિન્ન રીતે થાય છે. વેદનાની અનુભૂતિનું મુખ્ય કેન્દ્ર મન છે. જીવ જે રૂપે જે વેદનાને ગ્રહણ કરે છે, તે જ રૂપે તેની અનુભૂતિ થાય છે. જેમ કે સ્વેચ્છાથી સ્વીકારેલી કેશલોચજન્ય વેદના સાધકને દુ:ખરૂપ લાગતી નથી. વેદનાનો ઉદય કર્મજન્ય છે. પરંતુ તેની અનુભૂતિ જીવની વર્તમાનની સમજણદશા કે અજ્ઞાનદશાના આધારે છે.

## પદ – ૩૬ : સમુદ્‌ઘાત

આ પદમાં સમુદ્‌ઘાત, તેના ભેદ, ચોવીસ દંડકના જીવોના ત્રૈકાલિક સમુદ્‌ઘાત સંબંધી વિચારણા છે.

સમુદ્‌ઘાત જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે. સમ = એકી ભાવપૂર્વક, ઉદ્ = પ્રબળતાથી, ઘાત–કર્મોનો ઘાત કરવાની પ્રક્રિયા, સમુદ્‌ઘાત છે. આ પ્રક્રિયા બુદ્ધિપૂર્વક થતી નથી, સહજપણે થાય છે. તેમાં વેદનાદિના નિમિત્તે મૂળ શરીરને છોડયા વિના આત્મપ્રદેશોનો વિસ્તાર થાય છે. જેમ ઘડી કરેલું વસ્ત્ર સૂકાતા વધુ સમય લાગે પરંતુ તે જ વસ્ત્ર પહોળું કરીને સૂકવતાં જલ્દી સૂકાઈ જાય છે. તેમ આત્મપ્રદેશોનો વિસ્તાર થતાં અધિકતર કર્મોનો નાશ થાય છે. તીવ્ર વેદનાદિ વડે પરિણત થયેલો આત્મા કાલાંતરે અનુભવ કરવા યોગ્ય કર્મપુદ્‌ગલોની ઉદીરણા કરીને એક સાથે ક્ષય કરે છે. સમુદ્‌ઘાતના સાત પ્રકાર છે.

૧, **વેદના સમુદ્‌ઘાતઃ–** અશાતા વેદનાના નિમિત્તથી થતો સમુદ્‌ઘાત. તીવ્ર વેદના સમયે આત્મપ્રદેશો વિસ્તાર પામી મુખ, ઉદર આદિ શરીરના પોલાણભાગમાં વ્યાપ્ત થઈ જાય છે. આ સ્થિતિ એક અંતર્મુહૂર્ત પર્યંત રહે છે. તેમાં અશાતાવેદનીય કર્મના ઘણા દલિકો એક સાથે ભોગવાઈને

નાશ પામે છે. ૨, **કષાય સમુદ્ઘાતઃ**- કષાયના નિમિત્તથી થતો સમુદ્ઘાત. તેમાં કષાય મોહનીય કર્મના દલિકો નાશ પામે છે. ૩, **મારણાંતિક સમુદ્ઘાત :**- મૃત્યુના એક અંતમુર્હૂર્ત પૂર્વે આત્મપ્રદેશો ઉત્પત્તિસ્થાન સુધી વિસ્તાર પામે છે. તે મારણાંતિક સમુદ્ઘાત છે. તેમાં આયુષ્યકર્મના દલિકો ક્ષય પામે છે. ૪, **વૈક્રિય સમુદ્ઘાતઃ**- ઉત્તર વૈક્રિય શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિય શરીરનામકર્મને આશ્રિત થતાં સમુદ્ઘાતને વૈક્રિય સમુદ્ઘાત કહે છે. ૫, **તૈજસ સમુદ્ઘાતઃ**- તેજોલબ્ધિના પ્રયોગ સમયે તૈજસ શરીરનામકર્મને આશ્રિત થતાં સમુદ્ઘાતને તૈજસ સમુદ્ઘાત કહે છે. ૬, **આહારક સમુદઘાતઃ**- આહારક લબ્ધિના પ્રયોગ સમયે આહારકશરીરનામકર્મને આશ્રિત થતાં સમુદ્ઘાતને આહારક સમુદ્ઘાત કહે છે. ૭, **કેવળી સમુદ્ઘાતઃ**- આયુષ્યના અંતિમ અંતમુહૂર્તમાં કેવળી ભગવાન જે સમુદ્ઘાત કરે, તે કેવળી સમુદ્ઘાત છે. વેદનીય નામ અને ગોત્ર, આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્યકર્મની સમાન કરવા માટે આ સમુદ્ઘાત થાય છે. તેની સ્થિતિ માત્ર આઠ સમયની છે. તેમાં પ્રથમ સમયે આત્મા પ્રદેશોને પહોળાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વથી અધો

લોકાંત પ્રમાણ દંડાકારે વિસ્તૃત કરે, બીજા સમયે તે જ પ્રદેશોને પૂર્વ-પશ્ચિમ અથવા ઉત્તર-દક્ષિણ દિશામાં કપાટાકારે ફેલાવે, ત્રીજા સમયે આત્મપ્રદેશોને મંથાનાકારે ફેલાવી લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે, ચોથા સમયે આંતરા પૂર્ણ કરીને આત્મપ્રદેશોને સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત કરે. પાંચમા, છટ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરીને શરીરસ્થ થઈ જાય છે.

ત્યાર પછી કેવળી ભગવાન યોગ નિરોધ કરીને ચૌદમા ગુણસ્થાને ચાર અઘાતિ કર્મોનો નાશ કરીને સિદ્ધ થાય છે.

વેદનાદિ છ છાદ્મસ્થિક સમુદ્‌ઘાતની કાલમર્યાદા અંતર્મુહૂર્ત પ્રમાણ છે. અને કેવળી સમુદ્‌ઘાતની સ્થિતિ આઠ સમયની છે.

જીવ વેદનાદિ સમુદ્‌ઘાત દ્વારા પોતાની કાલમર્યાદા પર્યંત જે પુદ્‌ગલોને બહાર કાઢે છે, તે પુદ્‌ગલો એક, બે કે ત્રણ સમયમાં પહોળાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં પોતાના લક્ષ્યસ્થાન સુધી વ્યાપ્ત થાય છે. તે પુદ્‌ગલો દ્વારા અન્ય જીવોને પરિતાપ કે હિંસા થાય, તો સમુદ્‌ઘાત કરનાર

જીવને ત્રણ, ચાર કે પાંચ ક્રિયા લાગે છે. કેવળી સમુદ્‌ઘાતના પુદગલો સંપૂર્ણ લોકવ્યાપક થાય છે. પરંતુ વીતરાગી પુરુષને તજજન્ય કોઈ ક્રિયા લાગતી નથી.

તે જ રીતે ક્રોધાદિ ચારે કષાયને આશ્રિત ક્રોધસમુદ્‌ઘાત આદિ ચાર સમુદ્‌ઘાત થાય છે.

વેદનાદિ સાત સમુદ્‌ઘાતમાંથી પ્રથમ ત્રણ સમુદ્‌ઘાત દરેક જીવને હોય છે. વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્‌ઘાત, તે તે લબ્ધિવાન જીવોને તથા કેવળી સમુદ્‌ઘાત કેવળી ભગવાનને જ હોય છે. નારકીને પ્રથમ ચાર, દેવોને પાંચ સમુદ્‌ઘાત હોય છે. કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને સાતે સમુદ્‌ઘાત હોય છે. વાયુકાયને પ્રથમ ચાર, પૃથ્વી આદિ શેષ ચાર સ્થાવર, વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, યુગલિકમનુષ્યો, સંમૂચ્છિમમનુષ્યો વગેરે જીવોને અન્ય લબ્ધિ ન હોવાથી પ્રથમ ત્રણ સમુદ્‌ઘાત હોય છે. સંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિયને પ્રથમ પાંચ સમુદ્‌ઘાત હોય છે.

પ્રત્યેક દંડકના જીવે ભૂતકાલમાં ૨૪ દંડકના જીવપણે અનંત સમુદ્‌ઘાત કર્યા છે. વર્તમાનમાં પોતાની યોગ્યતા પ્રમાણે કરે છે. અને ભવિષ્યમાં પોતાના ભવભ્રમણ પ્રમાણે કરશે.

**યોગનિરોધ ક્રમ :** આઠ સમયના કેવળી સમુદ્‌ઘાત પછી કેવળી ભગવાનને અંતર્મુહૂર્તનું આયુષ્ય શેષ હોય છે. તે કાલમાં કેવળી ભગવાન ત્રણે યોગની પ્રવૃત્તિ કરે છે. મનોયોગ દ્વારા પ્રભુ મનઃપર્યવજ્ઞાની કે અનુત્તર વિમાનવાસી દેવોએ મનથી પૂછેલ પ્રશ્નોનો મનથી ઉત્તર આપે છે, વચનયોગ દ્વારા પ્રભુ કોઈના પ્રશ્નોના ઉત્તર અથવા ઉપદેશ આપે છે અને કાયયોગ દ્વારા ગમનાગમન આદિ સંયમ સમાચારીનું પાલન કરે છે.

ત્યારપછી અંતર્મુહૂર્તમાં યોગનિરોધનો પ્રારંભ કરે છે. સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામના શુકલધ્યાનના ત્રીજા ચરણમાં પ્રવર્તમાન કેવળી ભગવાન સર્વ પ્રથમ મનોયોગનો નિરોધ કરે છે, ત્યારપછી ક્રમશઃ વચનયોગ અને કાયયોગનો નિરોધ કરીને કેવળી ભગવાન સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામના શુકલધ્યાનના ચોથા ચરણમાં આરૂઢ થાય છે. તે ધ્યાન દ્વારા તેઓ વદન, ઉદર આદિના પોલાણના ભાગોને પૂરીને પોતાના દેહના ત્રીજો ભાગના આત્મપ્રદેશોને સંકુચિત કરે છે, બે ભાગ પ્રમાણ આત્મપ્રદેશોને ઠોસ–ઘનીભૂત કરે છે.

**શૈલેશી અવસ્થા :** યોગનો સંપૂર્ણ નિરોધ થતાં જ કેવળી

ભગવાન અયોગી તેમ જ શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે. તેમાં તેમના આત્મપ્રદેશો સંપૂર્ણતઃ નિષ્કંપ થઈ જાય છે તેવી સ્થિતિ અ, ઈ, ઉ, ઋ, લૃ આ પાંચ હસ્વ અક્ષરના ઉચ્ચારણકાલ પ્રમાણ છે. તે કાલ દરમ્યાન પૂર્વ રચિત ગુણશ્રેણી પ્રમાણે અનંત કર્મોનો નાશ કરે છે. આ રીતે ચારે અઘાતિ કર્મોનો સંપૂર્ણ નાશ થાય, ઔદારિક, તેજસ શરીર અને કર્મોથી મુકત થયેલો શુદ્ધાત્મા એક સમય માત્રમાં ઊર્ધ્વગતિથી લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે અને ત્યાં શાશ્વતકાલ પર્યંત અનંત સ્વરૂપસુખમાં સ્થિર રહે છે.

**સિદ્ધનું સ્વરૂપ :** સર્વ કર્મોથી સર્વથા મુકત, શુદ્ધ ચૈતન્યઘન, કેવળજ્ઞાન-કેવળદર્શન આદિ અનંત આત્મગુણોથી યુકત, અનંત સુખ સંપન્ન સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થયેલા શુદ્ધાત્માને સિદ્ધ કહે છે. સિદ્ધ ભગવાનનું કર્મરૂપ બીજ સર્વથા નાશ પામ્યું હોવાથી તે ફરી કદાપિ આ પૃથ્વી પર જન્મ ધારણ કરતાં નથી. શુદ્ધાત્મા તે જ સ્થાનમાં તે જ સ્થિતિમાં હંમેશાં રહે છે.

આ સંસારની ક્ષણે ક્ષણે પલટાતી સ્થિતિને છોડીને શાશ્વત સ્થિતિને પ્રાપ્ત કરવી, તે જ સર્વ સાધકોનું લક્ષ છે.

# શ્રી આગમ સૂત્ર

### ❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

### ❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

### ❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

### ❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા  શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા  શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** - 9825193988

◆ કિંમતઃ રૂ. 300/-  ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-